

આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

*


| | | |
|---|---|---|
| ફેબ્રુઆરી | * આત્મધર્મ * | અંક : ૮ |
| ૧૯૮૨ | [ ૪૬૦ ] | વર્ષ ૩૮ |

# વૈરાગ્ય ને પુરુષાર્થપ્રેરક પુરાણ-પ્રસંગ

## ઘડીક પહેલાં એક દાસી માટે લડતાં બે ભાઈઓ ઘડીકમાં શિવ-સુંદરીને વરે છે !

જમ્બૂદ્વીપના મંગલા દેશના અલકા નગરમાં એક ધરણીજડ નામનો બ્રાહ્મણ રહેતો હતો. એની બ્રાહ્મણીનું નામ અગ્નિલા હતું. એના બે પુત્રો હતા. એકનું નામ ઈન્દ્રભૂતિ હતું ને બીજાનું નામ અગ્નિભૂતિ હતું. તે બન્ને ભાઈ મિથ્યાજ્ઞાની હતા. તે જ બ્રાહ્મણનાં અશુભકર્મના ઉદયથી કપિલ નામનો દાસી-પુત્ર હતો. તે તીક્ષ્ણબુદ્ધિવાળો હતો. જ્યારે ધરણીજડ પોતાના બન્ને પુત્રોને વેદ ભણાવતો ત્યારે એને સાંભળીને કપિલ પણ બધું યાદ કરી લેતો. કપિલના વેદ ભણવાનું રહસ્ય જાણીને તે બ્રાહ્મણે એને બળજબરીથી કાઢી મૂકયો, પરંતુ કપિલ બાહર જઈને પણ જલ્દી વેદ-વેદાંતનો પારગામી થઈ ગયો.

તે જ જમ્બૂદ્વીપના મલય દેશમાં રત્નસંચયપુર નામનું નગર છે. ત્યાં પોતાના પૂર્વોપાર્જિત પુણ્ય કર્મના ઉદયથી શ્રીષેણ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજા કાન્તિવાળો હતો, અત્યન્ત રૂપવાન, નીતિ-માર્ગની પ્રવૃત્તિ કરવાવાળો હતો, શૂર-ધીરવીર હતો. રાજાઓ દ્વારા પૂજ્ય હતો. શત્રુઓને જીતવાવાળો તથા ગુણોનો સમુદ્ર હતો. તે જિનધર્મમાં પોતાનું મન લગાવતો હતો. શાસ્ત્રોનો જાણકાર હતો. સત્યનિષ્ઠ હતો. તે સુખસાગરમાં નિમગ્ન હતો. તે હંમેશા પાત્રદાન કરતો રહેતો. જિનેન્દ્રદેવની પૂજા કરવા માટે હંમેશા તૈયાર રહેતો. ગુરુમાં ભક્તિ-ભાવ રાખતો હતો. સદાચારી, વિવેકી પુણ્યવાન તથા ઉત્તમ હતો. તે હાર, કુણ્ડલ, કેયૂર. મુકુટ આદિ આભૂષણોથી સુશોભિત હતો તથા તે પોતાના રૂપથી કામદેવને પણ જીતતો હતો. આ પ્રકારે રાજ્ય-લક્ષ્મીને વશ કરવાવાળો શ્રીષેણ રાજા પોતાના શુભકર્મના ઉદયથી ન્યાયપૂર્વક પોતાની પ્રજાનું પાલન કરતો હતો. તે શ્રીષેણના પુણ્ય કર્મના ઉદયથી રુપવતી, લાવણ્યવતી તથા શુભ લક્ષણોથી સુશોભિત સિંહનિન્દિતા તથા અનિન્દિતા નામની બે રાણી હતી. સિંહનિન્દિતાના શુભ કર્મના ઉદયથી ચન્દ્રમા સમાન અત્યન્ત રૂપવાન તથા શુભ લક્ષણોથી સુશોભિત ઈન્દ્ર નામનો પુત્ર હતો તથા અનિન્દિતાના ધર્મના પ્રભાવથી રુપવાન, ગુણવાન તથા જ્ઞાન-વિજ્ઞાનનો પારગામી ઉપેન્દ્ર નામનો પુત્ર હતો. જેવી રીતે પાપોને નાશ કરવાવાળા મુનિરાજ સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્ચારિત્રથી સુશોભિત હોય છે, તેવી રીતે શત્રુઓને જીતવાવાળો તે રાજા બન્ને સુન્દર પુત્રોથી શોભાયમાન હતો. તે જ નગરમાં એક સાત્યકી નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેની બ્રાહ્મણીનું નામ જમ્બૂ હતું તથા ગુણોથી સુશોભિત સત્યભામા નામની પુત્રી

[ અનુસંધાન પાનું....૨૫ ]

વિષાક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૮
અંક ૭
[ ૪૫૯ ]

વીર
સંવત
૨૫૦૮
A.D. 1982
FEB.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

જે તને પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મોક્ષની ઇચ્છા હોય તો,

## રાત-દિવસ એક નિજ આત્માનું જ મનન કર

[ શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૬-૬-૬૬ ]

શ્રી યોગીન્દ્રદેવ કૃત આ યોગસાર શાસ્ત્ર છે. તેમાં આપણે ૨૩ મી ગાથા ચાલી રહી છે:—

શુદ્ધ પ્રદેશી પૂર્ણ છે, લોકાકાશ પ્રમાણ;
તે આતમ જાણો સદા, શીઘ્ર લહો નિર્વાણ. ૨૩.

ભગવાન આત્મા આ દેહમાં પોતાના શુદ્ધ અસંખ્ય પ્રદેશમાં રહેલો છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે; એક પરમાણુ આકાશના જેટલા ક્ષેત્રને રોકે તેટલા ક્ષેત્રને એક પ્રદેશ કહે છે, એવા શુદ્ધ અસંખ્ય પ્રદેશી આત્મા છે તેથી તે પરિપૂર્ણ છે. દેહ-વાણી-મન-કર્મ ને વિકારનું ક્ષેત્ર જુદું છે. અસંખ્ય પ્રદેશી પરિપૂર્ણ પ્રભુ અસંખ્ય પ્રદેશમાં રહેલો છે. અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણોથી ભરેલો પરિપૂર્ણ છે, એવા આત્માને આત્મા જાણ અને એવા આત્માનું દિન-રાત મનન કર.

અસંખ્ય પ્રદેશમાં અહીં જ બિરાજમાન ભગવાન આત્માનું દિન-રાત મનન કરો. ભગવાન આત્મા લોકવ્યાપક નથી પરંતુ તેનું ક્ષેત્ર અહીં પરિપૂર્ણ શુદ્ધ અસંખ્ય પ્રદેશમાં જ પૂરું છે, એનાથી વધારે લાંબુ બીજું કોઈ ક્ષેત્ર નથી. કોઈ લોકવ્યાપક કહે ને કોઈ અનંતમાં અનંત ભળી જાય કે બધા આત્મા એકના અંશરૂપ છે—એમ નથી. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશોમાં પરિપૂર્ણ ભરેલો છે. એવા આત્માનું દિન-રાત મનન કરો એટલે કે તેનો અનુભવ કરો.

આત્મા અનંત ગુણનો પિંડ અસંખ્ય પ્રદેશી તેને અનુસરીને રાત-દિન અનુભવ કરવો, આત્માની શાંતિનું વેદન કરવું. એનું નામ ધર્મ ને મોક્ષમાર્ગ છે. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશના પૂરથી ભરેલો પૂરો છે, તેનો અનુભવ કરવાથી શીઘ્ર નિર્વાણને પ્રાપ્ત કરો એટલે કે આ ઉપાય દ્વારા શીઘ્ર નિર્વાણને પ્રાપ્ત કરો, એ સિવાય મન-વચનની ક્રિયા આદિ બીજા કોઈ ઉપાય વડે નિર્વાણ પ્રાપ્ત થાય તેમ નથી.

પોતાના સ્વરૂપને ભૂલે તો બંધ થાય છે ને પોતાના સ્વરૂપની સાવધાની કરે તો મુક્તિ થાય છે, એ સિવાયની બીજી બધી તો વાતો છે! પોતાનો અસંખ્ય પ્રદેશી અનંત ગુણોથી ભરેલો જે સ્વભાવ છે તેને ભૂલે ને રાગ-દ્વેષ ને પરમાં મારી સત્તા છે એમ માન્યતા કરે તો એ પરિભ્રમણ કરે; કર્મના લઈને કાંઈ પરિભ્રમણ કરતો નથી.

જેમ કોઠીમાં માલ ભર્યો હોય ને! તેમ આ અસંખ્ય પ્રદેશમાં આત્માનો બધો માલ પડ્યો છે. ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે પણ માલ તો અનંત ગુણનો તેમાં ભર્યો પડ્યો છે, ભાવ અનંત ભર્યા છે. ક્ષેત્ર નાનું માટે માલ થોડો એવું કાંઈ નથી. જેમ આંખનું ક્ષેત્ર નાનું છતાં ડૂંગર ઉપરથી કેટલા માઈલનું દેખી શકે છે? તેમ અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા પોતાની સત્તામાં રહીને અનંત ક્ષેત્રને જાણે એવી એના સ્વભાવની સામર્થ્યતા છે. માટે એ ભગવાન આત્માને અંતરમાં જો, તારું ઘર અસંખ્ય પ્રદેશી છે, શરીર-મન-વચન કે કર્મ એ તારું ઘર નથી. અરે! પરમાત્મા જિનેશ્વરદેવથી પણ તારું ઘર જુદું છું.

અસંખ્ય પ્રદેશનો પિંડ શુદ્ધ અનંત ગુણથી ભરેલો પ્રભુ છે, એવા આત્માનું ધ્યાન કરો. આહાહા! આ તો યોગસાર છે ને? એટલે બહુ ટૂંકું કરીને માલ બતાવ્યો છે. ૨૩.

હવે ૨૪મી ગાથામાં કહે છે કે વ્યવહારથી આત્મા શરીર પ્રમાણે છે અને નિશ્ચયથી લોકપ્રમાણ અસંખ્ય પ્રદેશી છે તેમ કહે છેઃ—

નિશ્ચય લોકપ્રમાણ છે, તનુપ્રમાણ વ્યવહાર;
એવો આતમ અનુભવો, શીઘ્ર લહો ભવપાર. ૨૪.

આહાહા? જ્યાં હોય ત્યાં 'શીઘ્ર લહો ભવપાર'—કેમ કે અહીં તો ભવનો અભાવ કરવાની એક જ વાત છે. ભવ મળે એ કાંઈ વસ્તુ નથી, એ તો અનાદિથી ચાલી આવે છે. આત્મા પોતાના સ્વભાવને પ્રાપ્ત કરે ને ભવનો અભાવ કરે એ નવી વાત છે, બાકી ભવ પ્રાપ્ત કરે ને સંસારમાં રખડે એ તો અનાદિનો સંસારભાવ છે, તેમાં નવું શું કર્યું? તેથી અહીં કહે છે કે શીઘ્ર લહો ભવપાર.

નિશ્ચયથી આત્મા લોકપ્રમાણે છે એટલે કે લોકના જેટલા અસંખ્ય પ્રદેશ છે એટલા અસંખ્ય પ્રદેશ પ્રમાણ નિશ્ચયથી આત્મા છે, લોકના પ્રદેશ જેટલો પહોળો આત્મા છે એમ વાત નથી, પણ લોકના જેટલા અસંખ્ય પ્રદેશ છે એટલા અસંખ્ય પ્રદેશી ભગવાન

આત્મા નિશ્ચયથી છે. એ અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા કર્મમાં, શરીર-પરમાણુમાં કે રાગમાં પણ આવતો નથી.

નિશ્ચયથી અસંખ્ય પ્રદેશમાં રહેલો છે. નિમિત્તપણે વ્યવહારથી ગણો તો શરીરના આકારપ્રમાણે ત્યાં આત્મા રહેલો છે. અસંખ્ય પ્રદેશી એ જ એની પહોળાઈ–એટલું જ એનું પહોળું ક્ષેત્ર છે. આ શરીરપ્રમાણે અસંખ્ય પ્રદેશમાં આત્મા છે. જેમ પાણીનો કળશ હોય તેમાં અંદર પાણીનો આકાર ને એનું સ્વરૂપ કળશના આકારે હોવા છતાં પાણીનું ક્ષેત્ર પોતાના આકારે પોતામાં છે. તેમ આ શરીર પ્રમાણે અંદર આત્મા હોવા છતાં પોતે પોતાના કારણે જ અસંખ્ય પ્રદેશી પોતાના આકારે પોતામાં રહેલી સત્તા છે.

આત્મા એક સત્તા છે, હોવાવાળી ચીજ છે, હોવાવાળી ચીજ હોવાથી તેને આકાર અવગાહન, પહોળાઈ હોય કે નહિ? તેથી આત્મા અસંખ્ય પ્રદેશની પહોળાઈવાળું સત્ત્વ છે. કર્મ, રાગ કે શરીર સ્ત્રી-પુત્ર કે ખેતર એ કાંઈ આત્માનું ક્ષેત્ર નથી. અસંખ્ય પ્રદેશના એના બંગલામાં આત્મા બિરાજી રહ્યો છે. વ્યવહારે નિમિત્તથી કહેવાય કે શરીર પ્રમાણે આત્મા છે.

એવા પોતાના આત્માના સ્વભાવને જાણો. ભગવાન આત્મા અનંત શાંતરસથી ભરેલો મહા પૂરણ આનંદ સાગરથી સદા ભરેલો છે, તેમાં તું ડૂબકી માર. જેમ બાથમાં ડૂબકી મારે છે ને! તેમ આ ચૈતન્યરત્નનો આનંદથી ભરેલો દરિયો છે, એમાં ડૂબકી માર. ચૈતન્યસ્વભાવને તું જાણ. જાણવાથી ભવ તરી જવા પામે છે. ભગવાન આત્મા આવો જ્ઞાનમૂર્તિ આનંદમૂર્તિ પૂર્ણાનંદનો નાથ અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન છે તેને જાણ. રાગનું ને નિમિત્તનું જે જાણવું છે તેને બદલે આમ—આ તરફ આત્માની સન્મુખ થઈને તેને જાણ.

શું કરવું?–કે અસંખ્ય પ્રદેશમાં ભગવાન બિરાજે છે તેની સામે જો ને તેને જાણ. તેને જાણવો એનું નામ મોક્ષનો માર્ગ છે. તેને જાણ કહેતાં તેને જાણવો, શ્રદ્ધવો ને તેમાં એકાગ્રતા કરવી એ ત્રણે જાણ કહેવામાં આવી જાય છે. કારણ કે આ વસ્તુ છે એ શી રીતે જાણ્યું? શ્રદ્ધા વિના જાણ્યું? આવો ભગવાન આત્મા જાણ, જાણે એ જ ભવ તરી જાય છે એમ અહીં તો કહ્યું છે. પરંતુ જાણવાનો અર્થ કે આત્મા પૂર્ણાનંદ છે એમ એને જાણવા એના તરફ વળ્યો ત્યાં શ્રદ્ધા પણ થઈને સ્થિરતા પણ થઈ. આખી ચીજ અસંખ્ય પ્રદેશી અનંત ગુણનો પિંડ પ્રભુ તેને જાણતાં કયા ગુણના અંશના અંકૂર ફૂટ્યા વિના રહે? બધા ગુણના અંકૂરા ફૂટે.

ભગવાન આત્મા કેવો છે?–કે લોકાલોકને દેખે એવી વસ્તુ છે. લોકાલોકને દેખવાનો જ એનો સ્વભાવ છે, એને આત્મા કહેવાય. ભગવાન આત્મા અનંત સૌખ્યસ્વરૂપી છે. અનંત આનંદ સ્વરૂપ છે. રાગ-દ્વેષ ને દુઃખ ભગવાનમાં નથી. અનંત અતીન્દ્રિય

આનંદના ચોસલા ભર્યા છે. અનાદિ સ્વરૂપે આવો જ ભગવાન આત્મા છે અને તે વસ્તુએ નિત્ય છે. આવા આત્માના સ્વાનુભવથી જ દર્શન થાય છે. પરંતુ કોઈ મન-વચનની ક્રિયાથી કે દયા-દાન-ભક્તિના વિકલ્પો દ્વારા આત્માનો અનુભવ થતો જ નથી.

અરે, ભાઈ! બાપા! તારે કરવાનું તો આ છે, એના સિવાય બધું થોથા છે. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા અનંત આનંદનો પિંડ પ્રભુથી વિરુદ્ધ જેટલા વિકલ્પો છે તે તો વેરી છે, એ વેરી વ્યવહારના વિકલ્પો ન રહે તો અમારું-સંપ્રદાયનું-શું થશે! પણ ભાઈ! વેરીને રાખીને તારે શું કામ છે? ભાઈ! તું અનંત આનંદનો પિંડ છો ને! એ અનંત આનંદ એમાં નિત્ય છે, એમાં નજર કર તો તારી મુક્તિ થાય.

આ આત્મા स्वानुभूत्या चकासते—પોતાના સ્વાનુભવની ક્રિયાથી પ્રગટ થાય એવું એનું સ્વરૂપ છે. વ્યવહારના વિકલ્પોથી—દયા-દાન-ભક્તિના વિકલ્પોથી પ્રગટ થાય એવું એનું સ્વરૂપ નથી. ત્રણ લોકોનો નાથ બાદશાહ પોતે, પણ અરેરે! આવા વિકલ્પો હોય તો કાંઈ લાભ થાય! શુભ વિકલ્પ હોય તો અંદર જવાય!—આવી તો ભ્રમણાઓ!! અરે! જેનો આદર કરવો છે તેમાં એ વિકલ્પ તો છે નહિ અને જેને-વિકલ્પોને છોડવા છે એના લઈને અંદર પ્રવેશ કેમ થઈ શકશે?! આત્મા તો આનંદરૂપ છે, એ આનંદસ્વરૂપ આત્મા દુઃખસ્વરૂપ વિકલ્પોથી શી રીતે પ્રાપ્ત થાય? એ તો સ્વાનુભવથી જ જણાય તેવો છે, રાગથી કે વિકલ્પથી જણાય એવો નથી.

ત્રણ લોકના નાથ પરમેશ્વર આમ ફરમાવે છે કે ભાઈ! તું તો અનંત આનંદસ્વરૂપ છો ને? અને તે પણ તારાથી તું તને અનુભવી શકે એવી ચીજ છો, તને પામર વિકલ્પોની કોઈ જરૂર નથી. ભીખારી પામર રાગની તને જરૂર નથી ભાઈ! એના ટેકાની તને જરૂર નથી ભાઈ!

ભગવાન બોલાવે છે કે એલા! હાલ તને અનુભૂતિની પરિણતિ સાથે પરણાવીયે! પણ આ અનાદિનો ભીખારી, મારા વિકલ્પ ચાલ્યા જશે, મારો વ્યવહાર ચાલ્યો જશે, એમ એનો પ્રેમ છોડતો નથી તેથી અંદરમાં જઈ શકતો નથી ને ધોયેલ મૂળાની જેવો રાગ ને વ્યવહાર લઈને ૮૪ લાખ યોનિના અવતારમાં ચાલ્યો જાય છે. ૨૪.

હવે ૨૫ મી ગાથામાં કહે છે કે જીવ સમકિત વિના ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરે છે. એક આત્માનો સીધો અનુભવ કર્યા વિના આનાથી ધર્મ થશે ને તેનાથી ધર્મ થશે, શુભભાવથી થશે ને વ્યવહારથી થશે એમ માનીને આત્માનો અનુભવ સમ્યગ્દર્શન ન કર્યું તેથી ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરી રહ્યો છે:—

લક્ષ ચોરાશી યોનિમાં, ભમિયો કાળ અનંત;
પણ સમકિત તેં નવ લહ્યું, એ જાણો નિર્ભ્રાન્ત. ૨૫.

અનાદિ કાળથી ૮૪ લાખ યોનિમાં શેકાણો! સ્વર્ગમાં અનંતવાર ગયો, પણ

ભાઈ! તેં આત્માના અનુભવના અભાવમાં, રાગને છોડીને સીધું સ્વરૂપની દૃષ્ટિરૂપ સમ્યગ્દર્શનના અભાવમાં, ૮૪ લાખ યોનિમાંની એક યોનિ ખાલી નથી રાખી. નરકની અંદર દસ હજાર વર્ષની સ્થિતિએ અનંતવાર ઉપજ્યો છે, દસ હજાર ને એક સમયની સ્થિતિએ અનંતવાર ઉપજ્યો છે, એમ એક એક સમય અધિકની સ્થિતિએ અનંતવાર ઉપજ્યો ને ૩૩ સાગર સુધીની સ્થિતિએ અનંતવાર ઉપજ્યો. ૧૦ હજાર વર્ષથી માંડીને ૩૩ સાગર સુધીના જેટલા સમય છે તે એક એક સમયના અનંતા ભવ નરકમાં ગાળ્યા!

અભેદ ચિદાનંદમૂર્તિની સીધી પકડરૂપ સમ્યગ્દર્શન વિના નરકના ભવ અનંતા કર્યા ને સ્વર્ગના પણ અનંતા ભવ કર્યા. સ્વર્ગમાં પણ નરકની જેમ દસહજારની સ્થિતિથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના ૩૧ સાગર સુધીની સ્થિતિના એક એક સમયની સ્થિતિમાં અનંતવાર જીવ ઉપજ્યો છે હો! આહાહા! અરે! કીડીના અનંતા, કાગડાના અનંતા ને કષાઈના અનંતા ભવ કર્યા! ત્રાસ ત્રાસ થઈ જાય એવા અનંતા ભવ તેં કર્યા બાપુ! ઘાણીમાં અનંતવાર પીલાયો, વીંછીના આકરાં ડંખથી અનંતવાર મર્યો, અનંતવાર નાગના કરડવાથી મર્યો, પણ ભાઈ! તું ભૂલી ગયો! એક સમ્યગ્દર્શન વિના તેં ૮૪ લાખ યોનિમાં અનંતા ભવ કર્યા.

નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, ત્યાં પાપ કરીને તો જાય નહિ, મહા પંચ મહાવ્રત ને શુક્લલેશ્યા એવી હોય ત્યારે એવા પરિણામથી નવમી ગ્રૈવેયક ગયો હોય. પરંતુ એવા પરિણામથી પણ સમકિત ન પામ્યો તો હવે બીજા પરિણામથી તું શું સમકિત પામીશ? એક અભેદ ચિદાનંદમૂર્તિની સીધી દૃષ્ટિ કરીને અનુભવ કરે તો જ સમ્યગ્દર્શન પામે, એ સિવાય નવમી ગ્રૈવેયક જેવા પરિણામ કરે તોપણ તેનાથી સમકિત પામતો નથી.

અનાદિકાળથી આજ સુધીના ગયા કાળમાં હજુ સુધી સમ્યગ્દર્શન પામ્યો નથી. એક ભગવાન આત્માનો આદર ન કર્યો ને બીજું બંધુ જ કર્યું તેથી સમકિત ન પામ્યો. તારા મિથ્યાત્વભાવે તને અનંતવાર ૮૪ લાખ યોનિના કૂવામાં તને નાખ્યો છે. પુણ્યથી ધર્મ થશે, ક્રિયાથી ધર્મ થશે, રાગથી લાભ થશે—એવા કાળા નાગ જેવા મિથ્યાત્વભાવને લઈને અનંતા પરિભ્રમણ કર્યા. ભગવાન વિના સમકિત નહિ થાય એમ તેં માન્યું નહિ ને રાગ વિના ને વ્યવહાર વિના ધર્મ નહિ થાય એમ માનીને તેં અનંતા ભવ કર્યા.

આવા ભવ કર્યા પણ સમકિત ન પામ્યો. ભવના કારણ સેવ્યા તેથી સમકિત ન પામ્યો. કેમ કે જેના કારણે ભવ મળે તેના કારણે સમકિત ન મળે. ચામડી ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે એવા પરિણામે નવમી ગ્રૈવેયક ગયો તોપણ સમકિત ન પામ્યો તેનો અર્થ એ કે સમકિત કોઈ બીજી ચીજ છે, એ ભાવ વડે સમકિત પમાય એવી એ ચીજ નથી.

આ તો યોગસાર છે ને! યોગીન્દ્રદેવ મુનિ જગત સમક્ષ આ વાત મૂકે છે કે આત્માના સ્વભાવનો આશ્રય કરીને જે નિર્મળ યોગ સમકિતનો પ્રગટ થાય તે તેં કદી પ્રગટ કર્યો નથી. એક સમકિત વિના બીજું બધું અનંતવાર કરી ચૂકયો છે પણ આ એક સમકિત કર્યું નથી.

એમ નક્કી કર કે અનંતા ભવમાં અનંતા ભાવ કર્યા પણ એ ભાવ વડે સમકિત પામ્યો નથી. અંદર અખંડ આનંદ પ્રભુનો આશ્રય કરવાથી જ સમકિત પમાય છે એ સિવાય બીજા કોઈ આશ્રયે સમકિત પમાતું નથી. પરંતુ અનાદિથી એને પરની કિંમત લાગી છે ને સ્વની કિંમત થઈ નથી. પોતે અનુભવ કરવાને લાયક પોતાથી છે, પરના અવલંબનથી નહિ, રાગ ને વ્યવહારના અવલંબનથી અનુભવ થાય એવી ચીજ આત્મા નથી. એવા આત્માની કિંમત કર્યા વિના આવા ૮૪ લાખ યોનિના અવતારમાં રખડવું મટયું નથી, પછી ભલેને ૧૨-૧૨ મહિનાના અપવાસ કર્યા હોય!

એકરૂપ ભગવાન આત્મા સીધો અનુભવ કરવાને લાયક છે પણ એની એણે કદી કિંમત કરી નથી. પૈસાની કિંમત! ધૂડની કિંમત! પણ એક આત્માની કિંમત નથી, આહાહા! જગતના મોહ તો જુઓ! જયાં સુધી જીવ સમ્યગ્દર્શન પામતો નથી ત્યાં સુધી હે જીવ! નિ:સદેહ એમ વાત જાણ કે ૮૪ લાખ યોનિમાં ફરવું મટતું નથી.

ભગવાન આત્મા 'स्वानुभूत्या चकासते' સીધો અનુભવ થવાને લાયક હોવા છતાં ભવિષ્યમાં જ્યાં સુધી સમ્યગ્દર્શનને પામશે નહિ ત્યાં સુધી રખડશે. એમ નિર્ભ્રાન્તપણે જાણ. 'સમકિત નવ લહ્યું' એમ કહ્યું છે પણ કાંઈ ચારિત્ર વિના રખડી રહ્યો છે એમ કહ્યું નથી. કેમ કે સમકિત હોય ત્યારે ચારિત્ર હોય. સમકિત વિના ચારિત્ર હોતું નથી. ક્રિયાકાંડ કાંઈ ચારિત્ર નથી, એવા ક્રિયાકાંડ તો અનંતવાર કર્યા છે.

શ્રી સમ્મતભદ્રાચાર્યે શ્રાવક રત્નકરંડાચાર બનાવ્યું છે, તેમાં એક શ્લોક છે કે ત્રણ લોકમાં ને ત્રણ કાળમાં સમ્યગ્દર્શન જેવું જીવને હિતકારી કોઈ નથી. સમ્યગ્દર્શન સિવાય બીજા કોઈ પણ પરિણામ આત્માને હિતકારી નથી. દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, પંચ મહાવ્રત આદિના પરિણામ અનંતવાર કર્યા પણ એની કાંઈ કિંમત નથી. વ્યવહાર આચરણનો જે ગ્રંથ શ્રાવક રત્નકરંડાચાર તેમાં પહેલી ભૂમિકા એમ બાંધી છે કે ત્રણ કાળ ત્રણ લોકમાં સમકિત જેવું જીવને હિતકર કાંઈ નથી અને મિથ્યાદર્શન જેવું જીવનું બૂરું કરનાર કાંઈ નથી. ભગવાન આત્માના આશ્રયે જે સમ્યગ્દર્શન થાય એ સમ્યગ્દર્શન વિના જીવને જગતમાં બીજું કોઈ હિતકારી નથી. હિંસા-જૂઠું-ભોગ-વાસના અશુભ પરિણામ એટલું બૂરું ન કરે જેટલું બૂરું મિથ્યાશ્રદ્ધા બૂરું કરે છે, તેનાથી અનંતગુણ બૂરું કરે છે.

ભગવાન આત્માએ પોતાના સ્વભાવનો આશ્રય લઈને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનંત

કાળમાં ન કરી તો એની કોઈ કિંમત જ નથી, કેમ કે ત્રણ લોક ત્રણ કાળમાં સમ્યગ્દર્શન જેવી કોઈ કિંમતી ચીજ નથી. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ હોવા છતાં તેનાથી વિરુદ્ધની શ્રદ્ધા, શુભરાગના એક કણથી પણ મને લાભ થશે, દેહની ક્રિયા મને સહાયક થાય તો મારું કલ્યાણ થાય, એવી મિથ્યામાન્યતા જેવી જગતમાં બીજી કોઈ બૂરી ચીજ નથી.

આહાહા! સમકિત શું ચીજ છે એની જગતને ખબર નથી! નિરાવલંબી નિરપેક્ષ ચીજને સાપેક્ષ માનવી એ વાત જ ખોટી છે, ભલે વ્યવહાર હો, પણ હોય તેથી શું થયું? એને કોઈ રાગ કે નિમિત્ત કે ગુરુ કે કોઈ શાસ્ત્ર કે કોઈ ક્ષેત્રના આધારની કોઈની જરૂર નથી. એવો નિરાવલંબી ભગવાન બિરાજી રહ્યો છે. એની શ્રદ્ધા ને જ્ઞાન જેવી કિંમતી ચીજ ત્રણ કાળ ત્રણ લોકમાં અન્ય કોઈ નથી. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ આત્મા તેને સીધો જાણ્યો નથી, તથા રાગના કણને લાભદાયક માનવો, પરના આશ્રયે કાંઈક હળવે હળવે કલ્યાણ થશે, રાગ કરીશું તો કલ્યાણ પામીશું—એવી જે મિથ્યા-શ્રદ્ધા, એના જેવું જગતમાં કોઈ બૂરું કરનાર નથી. ૨૫.

શુદ્ધાત્માનું મનન જ મોક્ષમાર્ગ છે, ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ બિરાજે છે તેનો અનુભવ કરવો તે એક જ મોક્ષમાર્ગ છે. શુદ્ધ પવિત્ર આત્મા અંદર બિરાજે છે તે શરીર–વાણી–મનથી, આઠ કર્મોથી ને શુભાશુભભાવથી ભિન્ન સચ્ચિદાનંદ આનંદ-કંદ સિદ્ધ સમાન ભગવાન આત્મા છે, તેની એકાગ્રતારૂપ મનન તે એક જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષનો માર્ગ છે નહિ.–તેમ હવેની ગાથામાં કહે છે:—

શુદ્ધ, સચેતન, બુદ્ધ, જિન, કેવળજ્ઞાનસ્વભાવ;
એ આતમ જાણો સદા, જો ચાહો શિવલાભ. ૨૬.

અરે ભગવાન આત્મા! જો તું પરમાનંદરૂપી મોક્ષની દશા ચાહતો હો તો રાત–દિન આ આત્માનું મનન કરો. આહાહા! ગાથા બહુ ઊંચી છે. આત્માની પરમાનંદ દશા, પૂરણ દશાનું નામ મોક્ષ, એવી મોક્ષની દશા જો ચાહતા હો તો રાત–દિન શુદ્ધ નિર્મળાનંદ પરમાત્માનું ધ્યાન કર. અરે ભગવાન! તું મોટો મહા શુદ્ધ ચૈતન્ય-પ્રભુ છો, તેનું દિન-રાત ધ્યાન કર ને!

જેને એક સમયમાં ત્રણ લોક ને ત્રણ કાળ પૂરણ જણાયા, તેની વાણીમાં આ આવ્યું કે અરે આત્મા! તું તો શુદ્ધ છો, પુણ્ય–પાપના મેલ ને કર્મમળ રહિત તારી ચીજ છે—એનું મનન કર. રાગનું પુણ્યનું કે વ્યવહારનું મનન છોડી દે—જો તારે મુક્તિનો લાભ જોઈતો હોય તો. બાકી તો ૮૪ના ગોથા તો અનંત કાળથી ખાધા જ કર્યા છે. પરંતુ આત્માની શાંતિની પૂરણ પ્રાપ્તિરૂપ જે મુક્તિ એનો લાભ જોઈતો હોય તો શુદ્ધ નિજાત્માનું મનન કર.

પરમાનંદની મૂર્તિ પ્રભુ પુણ્ય-પાપથી રહિત છે, કર્મથી ને શરીરથી રહિત છે ને પોતાના અનંત પવિત્ર ગુણથી સહિત છે—એવા ભગવાનનું તું મનન કર ભાઈ! આ રાગ ને પુણ્યના મનનથી પ્રભુ પ્રગટે એવો નથી. દયા-દાન ને વ્રત-જપના પરિણામે પ્રભુ પ્રગટે એવો નથી. નિર્વિકલ્પ નાથ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ પૂરણ અનંત ગુણથી ભરેલું જે તત્ત્વ છે તેનું મનન કર તો તેની પ્રાપ્તિ થશે. અનુકૂળ નિમિત્ત હોય તો ઠીક—એવું મનન રહેવા દે ભાઈ, રહેવા દે! આવા નિમિત્ત હોય તો ઠીક, આવો શુભ ભાવ હોય તો ઠીક, આવા કષાયની મંદતાના પરિણામ હોય તો ઠીક—એ બધું તો રાગનું મનન તેં કર્યું, એવું મનન તો તેં અનાદિ કાળથી કર્યું છે ને એનાથી સંસાર અનાદિનો ફળે છે પણ હવે તારે મુક્તિ કરવી છે કે પછી ૮૪ માં રખડવું છે?

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ શુદ્ધ, નિરંજન, વીતરાગ છે તેની ઉપર દૃષ્ટિ કર. એક એનું મનન ને એકાગ્રતા જ મુક્તિનો ઉપાય છે. ભગવાન આત્મા શુદ્ધ શુદ્ધ ને શુદ્ધ પ્રભુ છે, તેનું એકનું જ મનન ને એકાગ્રતા કર તો તને કેવળજ્ઞાન ને મુક્તિનો લાભ થશે. વિશેષ કહેશે..... (—ક્રમશઃ)

## * શ્રોતાનો પડકાર! *

જેને સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં પૂર્ણાનંદનો નાથ આનંદસ્વરૂપ ભાસ્યો છે તે એમ જાણે છે કે પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી. આહાહા! અમે અમારા પરમાનંદના નાથને જોયો-જાણ્યો-અનુભવ્યો! હવે અમને જગતના કોઈ પદાર્થો મારાપણે ભાસતા નથી. અરે! અમને અમારા નાથના દર્શન થવામાં જેમનો પરમ ઉપકાર છે એવા ત્રણલોકના નાથ પણ હવે મને મારાપણે ભાસતા નથી. આહાહા! જેને અંતરનો નાથ જાગ્યો છે એ શું કહે છે? કે હવે મને એ પરદ્રવ્યો ભાવકપણે કે જ્ઞેયપણે મારી સાથે એક થઈને, ફરીને મને મોહ ઉત્પન્ન કરે—એમ અમને ભાસતું નથી. કારણ કે ચૈતન્યના નિજરસથી જ મોહને મૂળથી ઊખેડીને ફરી તે મોહનો અંકુશ ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ અમને પ્રગટ થયો છે. આહાહા! પંચમકાળનો શ્રોતા કે જેને આવા ગુરુ ને વાણી મળ્યા છે તે એમ કહે છે અમને જે દૃષ્ટિ ને દૃષ્ટિનો વિષય મળ્યો એ ત્રણકાળમાં ફરે તેમ નથી. આહાહા! આવી વાણી કાને પડી ને અંદરમાં તળને જોયું જાણ્યું અનુભવ્યું ને મોહનો નાશ કર્યો એ શ્રોતા અપ્રતિહતભાવે ઊપડયો છે. હવે અમે પાછા નહીં પડીએ—એમ સમજીને પંચમકાળનો શ્રોતા આમ કહે છે. આહાહા! શું ગાથા! ટીકા! ને એ ભાવોને સમજનાર શ્રોતાનો પડકાર!

[ —પૂજ્ય ગુરુદેવશ્રી ]

## પોતાનું હિત ઈચ્છનાર પ્રાણીએ
# પોતાનું અહિત કરનાર પ્રાણી પ્રત્યે દ્વેષ કરવો નહિ, સમતા રાખવી

[ શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૩-૩-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામી દિગંબર સંત થઈ ગયા, તેમણે જગતના હિતને માટે આ ઈષ્ટોપદેશની રચના કરી છે. તેમાં અહીં ૯ મો શ્લોક ચાલે છે:—

દિશા—દેશથી આવીને, પક્ષી વૃક્ષે વસન્ત,
પ્રાત: થતાં નિજ કાર્યવશ, વિધવિધ દેશ ઉડન્ત. ૯.

આ શરીર તો જડ-માટી પુદ્ગલ છે અને સ્ત્રી-પુત્ર-પરિવારનો આત્મા તારાથી ભિન્ન છે, કપડાં-લક્ષ્મી આદિ ભિન્ન પર છે. આત્માનું સ્વરૂપ જો શરીરરૂપ હોત, સ્ત્રી-પુત્ર-પરિવારરૂપ હોત, કપડાં-લક્ષ્મી આદિરૂપ હોત તો તારા સદ્રશપણામાં—તું હયાત હોવા છતાં તે પદાર્થો અવસ્થાંતરપણું કેમ પામત? માટે એ તારી ચીજ નથી, તું તો જ્ઞાનાનંદસ્વરૂપ છો.

તારા હોવા છતાં શરીરાદિ પદાર્થો રૂપાંતરપણું પામી જાય છે, શરીર વૃદ્ધાવસ્થા, રોગ નાશ આદિને પામે છે. કેમ કે શરીર જડ-માટી તારાથી ભિન્ન છે. શરીરના રજકણની કોઈ પણ અવસ્થા તારી છે જ નહિ. જો એ તારી હોય તો તારી ઉપસ્થિતિમાં તેઓ કેમ બદલી જાય? શરીરાદિ આત્માથી પર પદાર્થ છે માટે શરીરની અવસ્થા આત્માને આધીન નથી. આત્મા હોય ને શરીરની અવસ્થા બદલી જાય છે, આત્મા હોય ને લક્ષ્મી જતી રહે છે, આત્મા હોય ને સ્ત્રી-પુત્ર-પરિવાર નાશ પામે છે. કેમ કે એ તારી ચીજ નથી, એ ચીજ સ્વતંત્ર છે.

તારી ઈચ્છા હોય કે શરીર નિરોગ રહે, છતાં નિરોગ કયાં રહે છે? શરીરની સ્થિતિ જેટલો કાળ રહેવાની હશે એટલો કાળ રહેશે, તારી ઈચ્છાથી બિલકુલ રહેતી નથી. શરીરાદિ ભિન્ન પદાર્થમાં પોતાની ઈચ્છા અનુસારનું કાર્ય માને છે તે મૂઢ ચાર ગતિમાં રખડે છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે. તેમાં દયા-દાન-કામ-ક્રોધ આદિના ભાવ થાય છે તે વિકાર છે, આત્માનું સ્વરૂપ નથી. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ છે અને દયા-દાન-વ્રત-કામ-ક્રોધ આદિના પરિણામ તો વિકાર છે, આસ્રવ છે. પુણ્ય-પાપના પરિણામ થાય તે આસ્રવતત્ત્વ છે ને તારી ચીજ ભિન્ન તત્ત્વ છે. તું તો જ્ઞાયકતત્ત્વ ચૈતન્યમૂર્તિ પ્રભુ છો. પરંતુ અનંત કાળમાં આ વાત કયારેય સમજાણી નથી.

પ્રભુ તો જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યસૂર્ય આત્મા છે, અનાકૂળ આનંદની મૂર્તિ આત્મા છે. ભગવાન તો કહે છે કે જાણવા-દેખવાના ઉપયોગરૂપ તારું સ્વરૂપ છે અને પુણ્ય-પાપના ભાવ કાંઈ આત્મા નથી, એ તો આત્માથી ભિન્ન વિકાર છે તો આ શરીરાદિ પર તો કયાંય ભિન્ન રહ્યાં.

આહાહા! શરીરથી હું ક્રિયા કરું, શરીરથી બીજા ઉપર ઉપકાર કરું, શરીર વડે બીજાને મારું-અપકાર કરું, મૂઢ છો! શરીર તો પર છે, શરીરની ક્રિયા શું તારે આધીન છે? મૂઢપણે અભિમાન કર્યા કરે છે કે મેં કર્યું! એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ પાપી છે.

શરીરના પ્રત્યેક રજકણ પોતાની પર્યાયથી પરિણમન કરે છે, આત્માથી બિલકુલ નહિ. શું જડના સ્વરૂપમાં ચૈતન્ય ઘૂસી જાય છે કે તેનાથી જડની પર્યાય બને? અને જડની પર્યાય શું આત્મામાં ઘૂસી જાય છે કે આત્માનું કાંઈ કરી દે? આત્માને લાભ-નુકશાન કરી દે? પહેલાં શરીર નિરોગ રહ્યું હોય તો તે જડના કારણે, પોતાના આત્માના કારણે રહ્યું નથી. પરંતુ અંદર શરીરાદિમાં એકપણું ઘૂંટાઈ ગયું છે કે માળો આટલું સાંભળવા છતાં મચક ખાતો નથી!

ભાઈ! તું આત્મા છો ને આત્મામાં જ્ઞાન ને આનંદની મોજૂદગી છે, તેમાં જે પુણ્ય-પાપના ભાવ છે તેમાં સ્વરૂપની મોજૂદગી નથી, એ તો વિકૃતભાવ છે, તેને અજ્ઞાની અજ્ઞાનપણે ઉત્પન્ન કરે છે. પોતાના સ્વરૂપમાં તે વિકાર છે જ નહિ. જ્ઞાનાનંદ ચૈતન્યસૂર્ય જ્ઞાયક પ્રભુમાં પુણ્ય-પાપના રાગ વિકાર છે જ નહિ, પરંતુ પોતાની મોજૂદગીના ભાન વિના અજ્ઞાનીનું લક્ષ વિકાર ઉપર છે તેથી નવા રાગ-દ્વેષ-કામ-ક્રોધ-દયા-દાન આદિ વિકલ્પ કરીને મેં પરનું કાર્ય કર્યું એમ અજ્ઞાની માને છે.

અહીં તો કહે છે કે તારી હયાતી છે ને શરીરમાં રોગ આવે છે, વૃદ્ધત્વ આવે છે, ક્ષય રોગ થાય છે, તો એ તારી હયાતીમાં કેમ થાય છે?—કે એ પર પદાર્થ છે ને પર પદાર્થની અવસ્થાનું હોવું તેને આધીન છે, તારે આધીન નથી. ક્ષેત્રાંતરની જે સ્થિતિ થાય તેમાં આત્મા શરીરને લઈને જાય કે શરીર આત્માને લઈને જાય એમ ત્રણ કાળમાં કદી બનતું નથી. પોતાની યોગ્યતાથી ક્ષેત્રાંતર થાય છે.

ભાઈ! સાંભળ તો ખરો! શાંત તો થા! તારું સ્વરૂપ તો ચૈતન્યમૂર્તિ છે ને! પણ એની તને ખબર નથી ને તારી નજીકમાં જે શરીર જડ પદાર્થ છે તેમાં જે રૂપાંતર થાય તે મારા લઈને થાય છે એમ માને છે. પરંતુ જો તારા લઈને થતું હોય તો તું હો ને તે જતું કેમ રહે છે? શરીર માટી જડ અજીવ તત્ત્વ છે, તેનું રહેવું, ટકવું, બોલવું, ચાલવું, ખાવું, પીવું એ સર્વ જડની ક્રિયા છે, આત્મા કિંચિત્‌માત્ર તેનું કરી શકતો નથી.

અનાદિ કાળથી પર પદાર્થના અભિમાનને લઈને આ ધંધો અમે કર્યો ને લાખો

રૂપિયા ભેગા કર્યાં! પણ બાપુ! એ તો રજકણ જગતનો પદાર્થ અસ્તિરૂપે છે, એ જડનું જડપણે રહીને રૂપાંતર થવું તે જડના લઈને છે. તારા કારણે રૂપાંતર થાય કે તારા કારણે લક્ષ્મી આવે છે તે બિલકુલ જૂઠી વાત છે. હું છું તો પરની દયા પાળી શકું છું એમ માનનાર મૂઢ છે. શરીરની પરની અવસ્થા થવી તેને આધીન છે, પર જીવનું આયુષ્ય હોય તો શરીર રહે છે ને આયુષ્ય ન હોય તો શરીર છૂટી જાય છે, પણ તારા લઈને પર જીવ બચે એ જૂઠી વાત છે. હા, પરને મારવા-બચાવવાનો તેં ભાવ કર્યો, પણ એ ભાવથી પરમાં કાંઈ થાય એ વાત બિલકુલ જૂઠી વાત છે.

તારી હયાતી મોજૂદગી રહેવા છતાં આ શરીરાદિ પદાર્થ અવસ્થાંતર શી રીતે પ્રાપ્ત થઈ ગયા!—જો તારાથી રહેતા હોય ને તારા હોય તો તું હો ને પત્ની કેમ મરી જાય છે? ભાઈ! એ ચીજ તારાથી ભિન્ન છે માટે તેનું રહેવું કે ન રહેવું એ તારે આધીન નથી. છતાં તું માને કે તારે આધીન છે તો તું મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છો. જો તારે આધીન હોય તો તારી હયાતીમાં સ્ત્રી-પુત્ર-પૈસા આદિ જતાં કેમ રહે છે?

પર પદાર્થ જાય કે રહે, શરીર સારું રહે કે ન રહે, એ તો જડના એના કારણે છે, આત્માને કારણે બિલકુલ નથી, કેમ કે એ તો પર પદાર્થ છે. લક્ષ્મી-સ્ત્રી-પુત્ર આદિ આવે ને જાય એ તો એના કારણે છે, પૂર્વના પુણ્યથી આવે છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે.

એકેએક રજકણ પોતાની ક્રિયા કરવા માટે સ્વતંત્ર છે, એ તારા લઈને કેમ થાય? તેથી અહીં કહે છે કે જો શરીર આદિ પર પદાર્થ તારા હોત તો તારે તો એના નાશનો ભાવ નથી છતાં તારા પ્રયોગ વિના-તારા કર્યા વિના શરીરાદિ કેમ ચાલ્યા જાય છે? માટે મારાથી શરીરાદિનું કાર્ય થાય છે એ માન્યતા વાળો જડ ને ચૈતન્યને એક માને છે.

ભાઈ! શરીરના નાશનો તારો ભાવ તો છે નહિ, સ્ત્રી-આબરૂ આદિના નાશનો તારો તો ભાવ નથી, તારા પ્રયોગ વિના-તારી ઇચ્છા ન હોવા છતાં શરીરાદિ જ્યાં-ત્યાં કેમ ચાલ્યા જાય છે? જેવી તેની પરિણતિ થવાની હોય તે તેનાથી થાય છે, તારી ઇચ્છાને લઈને તેમાં કાંઈ થતું નથી. પરંતુ તારા તત્ત્વની ને પર તત્ત્વની ભિન્નતાનું તને ભાન નથી.

સાધુ ત્યાગી થઈને પણ એમ માને કે શરીર સારું હશે તો ધર્મ થશે; મૂઢ છે! આહાર સારો હોય તો અમારા પરિણામ સારા થાય; મૂઢ છે! શરીર ને આહાર તો જડ છે, શું એ આત્માના પરિણામ બગાડે? તું તારા પરિણામ બગાડે ત્યારે તેમાં જડને નિમિત્ત કહેવાય. સમજાણું કાંઈ?!

આહાર લેવાની ઇચ્છા થઈ ને આહાર લીધો, ત્યાં ઇચ્છાને લઈને આહાર આવ્યો

નથી, આહાર તો પુદ્‌ગલદ્રવ્ય છે, પુદ્‌ગલદ્રવ્યને લઈ શકું કે છોડી શકું એ માન્યતા જ મૂઢ મિથ્યાદૃષ્ટિની છે, ધર્મી જીવની એવી માન્યતા હોતી નથી. લોકોમાં કહેવાય છે કે ખાનારનું નામ દાણા–દાણા ઉપર લખેલ છે તેનો અર્થ જ એ છે કે જે અનાજના રજકણોનો પુદ્‌ગલ પિંડ અહીં આવવાનો હશે તે જ આવશે, નહિ આવવાનો હોય તે નહિ આવે, તારી ઇચ્છાથી બિલકુલ કાર્ય થતું નથી.

આહાહા! વીતરાગની વાત જગતથી નીરાળી છે. સર્વજ્ઞ તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા કે જેમણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ દેખ્યા છે તેમણે બધાજ પદાર્થ ભિન્ન ભિન્ન દેખ્યા છે, કોઈ પદાર્થ બીજા ભિન્ન પદાર્થને રાખી શકે, નાશ કરી શકે એવી એનામાં તાકાત છે જ નહિ.

હાથ ઊંચો કરી શકે એવી આત્મામાં તાકાત છે જ નહિ. ભાઈ! એ જડની અવસ્થા જડનું કાર્ય છે, તારું કાર્ય નથી. તારા પ્રયોગ વિના, તારી ઇચ્છા ન હોવા છતાં, તારા જ્ઞાનમાં ખ્યાલ પણ ન હોય કે શરીરની આવી ક્રિયા થાવ અને તેમ છતાં શરીરની ક્રિયા થાય છે તેનો અર્થ શું? –કે શરીરની જે કોઈ ક્રિયા થાય છે તે શરીરના કારણે થાય છે, તારા કારણે પરમાં બિલકુલ કાંઈ જ થતું નથી.

બીજા આત્માઓનું તથા પરમાણુઓનું તારા પ્રયોગ વિના આવવું-જવું થાય છે, તારા કારણે આવવું-જવું થતું નથી. જેમ સાંજે પક્ષીઓ દૂર દૂર દેશ-દેશાંતરથી આવે ને સવાર થતાં ક્યાંય ને ક્યાંય ચાલ્યા જાય તેમ પ્રત્યેક પદાર્થ ક્યાંયથી આવે ને ક્યાંય ચાલ્યા જાય–તારે આધીન નથી.

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકમાં દૃષ્ટાંત આવે છે કે એક પાગલ હતો, ગામ બહાર નદી કિનારે બેઠો હતો. ૯ વાગ્યે ત્યાંથી કોઈ રાજા સૈન્ય લઈને નીકળ્યો ને આહાર-પાણી માટે નદી કિનારે પડાવ નાખ્યો. ત્યાં પાગલ કહે ઓહોહો! માણસો આવ્યા! આ મારું સૈન્ય આવ્યું! આ મારા ઘોડા ને હાથીઓ આવ્યા! પછી ભોજન કરીને રાજા સૈન્ય લઈને આગળ ચાલતો થયો ત્યાં પાગલ કહેવા લાગ્યો કે મને પૂછ્યા વિના ક્યાં ચાલ્યા? ત્યારે પેલા કહે કે આ પાગલ લાગે છે. અમે તો અમારા કારણે આવ્યા હતા ને અમારે લઈને જઈએ છીએ, તારો અમારા ઉપર શું અધિકાર છે? પાગલ કહે કે હું પહેલાં અહીં બેઠો હતો ને પછી તમે આવ્યા ને? તો પૂછ્યા વિના કેમ ચાલ્યા જાઓ છો? તેમ એક આત્મા બીજા ભવમાંથી અહીં જન્મ્યો, મોટો થયો ને પછી પૂર્વના પુણ્યના નિમિત્તે સ્ત્રી-પુત્ર-લક્ષ્મી-આબરૂ આદિ આવ્યા. પણ જ્યાં તેઓ પોત પોતાની મુદત અનુસાર ચાલ્યા જવા માંડ્યા ત્યાં કેમ ચાલ્યા જાય છે? –એમ સ્ત્રી-પુત્રાદિ પાછળ માથા ફોડે! પણ ઈ ક્યાં તારા લઈને આવ્યા હતા? અમારી સ્થિતિને લઈ ને અમે આવ્યા હતા ને અમારી સ્થિતિ પુરી થતા અમે ચાલ્યા જઈએ છીએ, તારા કારણે અમે આવ્યા જ નથી ને તારા કારણે અમે જતા જ નથી.

તારા પ્રયત્ન વિના જ પર પદાર્થ ચાલ્યા કેમ જાય છે? તારા લઈને તેઓ હોય તો તું રહેતા તેઓ ચાલ્યા કેમ જાય? તેઓ તો પર પદાર્થ છે, તારા કારણે તેઓ આવ્યા નથી ને તારા કારણે જતા નથી. અરે, આત્મા! તું જ્ઞાનાનંદ છો, તું તો જાણનાર-દેખનાર છો, પણ તને મોહરૂપી ભૂતડું વળગ્યું છે. મિથ્યાત્વનું તને ભૂત વળગ્યું છે કે હું પર પદાર્થનું આમ કરી શકતો હતો પણ હવે નથી કરી શકતો! ભાઈ! પ્રભુ! મિથ્યાત્વના એ આવેશને છોડી દે! તું જ્ઞાન સ્વરૂપ આનંદ સ્વરૂપ છો ને! પર ચીજનું હું કાંઈ કરી શકું એમ શા માટે માને છો? છોડી દે.

મોહરૂપી પીશાચના આવેશને છોડી દે ને જેવો પર પદાર્થનો સ્વભાવ છે એવો દેખ. પર પદાર્થ એના કારણે આવ્યા છે ને એના કારણે જાય છે એવો એનો સ્વભાવ જેમ છે એમ દેખ. ઓહોહો! સર્વજ્ઞ ભગવાન પુણ્યના વિકલ્પને પણ છોડીને વીતરાગ થઈ ગયા! મુનિદશામાં મહાવ્રતના પરિણામ આવ્યા હતા, એ તો રાગ હતો, એ રાગને પણ છોડીને વીતરાગ થઈ ગયા. એ સર્વજ્ઞ પરમેશ્વરદેવ કહે છે કે ભાઈ! તને મોહરૂપી પીશાચ વળગ્યો છે તેથી તારી જોવાની દૃષ્ટિ વિપરીત થઈ ગઈ છે. માટે એ મોહરૂપી પીશાચના આવેશને દૂર કરીને પછી દેખવાની ચેષ્ટા કર એટલે કે પર પદાર્થ તો તેના કારણે આવે ને જાય છે, તું તો જાણનાર-દેખનાર છો એમ દૃષ્ટિ કર. એ વિના તારી સ્વતંત્રતાની સાચી શ્રદ્ધા કદી થશે નહિ ને એ વિના તારું કલ્યાણ કદી થશે નહિ.

આ અમારા શત્રુ છે, અહિત કરનાર છે એવો ભાવ અજ્ઞાનપૂર્ણ છે એમ હવેની ગાથામાં આચાર્ય મહારાજ બતાવે છે. ભાઈ! પર વસ્તુ તારા અહિતકર્તા છે એ ક્યાંથી લાવ્યો? તારી ઊંધી માન્યતા તારું અહિતકર્તા છે. માટે અજ્ઞાનપૂર્ણ ભાવ દૂર કરવા લાયક છે એમ આચાર્ય મહારાજ પ્રેરણા કરે છેઃ—

અપરાધી જન કાં કરે, હન્તા જન પર ક્રોધ।
પગથી ત્ર્યંગુલ પાડતાં, દંડે પડે અબોધ. ૧૦.

તેં પૂર્વે તે પ્રાણીને સતાવ્યો હતો ને તારા કારણે તે પ્રાણી દુઃખી થયો હતો. હવે એ પ્રાણી તને તકલીફ દે છે-હેરાન કરે છે તો તું શા માટે ગુસ્સો કરે છો? પૂર્વે તારા કારણે તેને નુકશાન થયું હતું—નિમિત્તના કથનથી—તો હવે એ તને નુકશાન કરવા આવ્યો છે એટલે સરભર થઈ ગયું, તું શા માટે ગુસ્સો કરે છો?—આ બધા નિમિત્તના કથન છે હો! તારો ભાવ પૂર્વે એને નુકશાન પહોંચાડવાનો હતો ને એને પાપના ઉદયને લઈને નુકશાન થયું અને હવે એ તને નુકશાન કરવાનો ભાવ કરે છે ને તારા પાપના ઉદયથી તને નુકશાન થાય તો તું પર ઉપર ગુસ્સો કેમ કરે છો?

તેં જેવું કર્યું હતું એવું તે તારા પ્રત્યે કરે છે તો તું ગુસ્સે કેમ થાય છે?—આ વાત અમને બેસતી નથી-ઠીક લાગતી નથી એમ આચાર્યદેવ કહે છે. તેં બીજાને

નુકશાન પહોંચાડયું હતું તો હવે એ તને નુકશાન પહોંચાડે છે–એ તો અદલ બદલ થયું, એમાં ગુસ્સો કરવાની જરૂર નથી. એમ કહીને પ્રતિકૂળતા કરનાર પ્રત્યે ગુસ્સો ન કરવો એમ એ ભાવ છોડાવવા માટે કહ્યું છે.

શરીરમાં કાંઈ પ્રતિકૂળતા થાય કે લક્ષ્મી ચાલી જાય તેમાં કોઈ પ્રાણી નિમિત્ત બને, તો તું પણ તેને નુકશાન થવામાં નિમિત્ત થયો હતો, તો એમાં ગુસ્સો શું કરવો? પર પ્રત્યે ગુસ્સો કરવો નહિ. અમારી આબરૂ એણે લૂંટી લીધી! પણ ભાઈ! પૂર્વે તેં એની આબરૂ લૂંટી લીધી હશે, એમાં ગુસ્સો શું કરવો? ભાઈ! સમજણ કરવી, જ્ઞાન કરવું કે જગતમાં આવું હોય એમ સમતા કરીને આત્માનું જ્ઞાન કરવું, સમતા કરવી ને ગુસ્સો હટાવવો.

બીજાનો અપકાર કરનાર પુરુષ પોતા પ્રત્યે અપકાર કરનાર પુરુષ ઉપર કેમ કુપિત થાય છે?–સમજાતું નથી! એમ અરસપરસની વાત દૃષ્ટાંત માટે કરી છે. બાકી એ જ પ્રાણી પ્રતિ અપકાર ન કર્યો હોય પણ પૂર્વે પાપભાવ કર્યો હોય તો તારા પાપના ઉદયમાં બીજો પ્રાણી પ્રતિકૂળતા દેવા આવે તો એમાં ગુસ્સો શું કરવો? પર પદાર્થ તારું નુકશાન કરી શકતો નથી એમ માનીને ગુસ્સો છોડવો, જ્ઞાતાદૃષ્ટા રહીને સમાધાન કરવું–ગુસ્સો કરવો નહિ એમ આચાર્ય મહારાજ કહે છે.

આ તો ઉપદેશની ભાષા છે ને? એટલે કહે છે કે ભાઈ! આ તું શું કરે છે? –કાંઈ સમજાતું નથી એટલે કે તું ખોટું કરે છે. અરે! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે નહિ. કઈ રીતે કરે? એ દ્રવ્યની એ સમયની પર્યાય ન હતી કે બીજો દ્રવ્ય કરાવે? દરેક દ્રવ્યમાં પોત પોતાના સ્વરૂપથી પોતાની પર્યાય થાય છે, તો તેમાં બીજો દ્રવ્ય શું લઈ-દઈ શકે? શરીરની ચાલવાની ક્રિયા થઈ તો તે શરીરના સ્વરૂપથી થઈ છે ને આત્માને ઇચ્છા થઈ તે ઇચ્છા પોતાના સ્વરૂપથી થઈ છે તો ઇચ્છા શરીરનું શું કરી નાખે? શરીરનું સ્વરૂપ પરસ્વરૂપે છે, ઇચ્છા નિમિત્ત થઈને તે શરીરની ક્રિયાને શી રીતે કરી દે?

ખાવાની ઇચ્છા થઈ, તો ઇચ્છાએ પોતાનું કયું સ્વરૂપ જડમાં ભેળવી દીધું કે ઇચ્છા ખાવાની ક્રિયાને કરે? ઇચ્છા આત્માના વિકૃત સ્વરૂપે રહેનારો ભાવ છે ને હોઠ, દાંત આદિ જડ સ્વરૂપે છે. શું ઇચ્છાનું સ્વરૂપ જડમાં પેસી જાય છે કે ઇચ્છા હોઠ, દાંત આદિની ક્રિયાને કરી દ્યે?

પર પદાર્થ તને કાંઈ નુકશાન કરી શકતા નથી ને તું પણ પર પદાર્થનું નુકશાન કરી શકતો નથી, પણ તારો ભાવ તે પ્રાણીનું નુકશાન કરવાનો હતો ને તેને પાપના ઉદયે નુકશાન થયું ને તેવી રીતે તેને એવો ભાવ આવ્યો કે તને નુકશાન કરું પણ તેનાથી તને નુકશાન થતું નથી માટે તું સમતા રાખ, સમતા રાખ.

અરે! આ દીકરાનું મેં કેવી રીતે લાલન-પાલન કર્યું, એના માટે હું કેટલો

હેરાન થયો ને હવે લગ્ન કરી દીધા ત્યાં કહે કે અમને જુદા કરી દ્યો! અરે દીકરા! અમારા ધોળામાં તું ધૂડ નાખે છો? પણ બાપુ! તેમાં દીકરો તને શું કરે? દીકરાના ભાવ દીકરા પાસે રહ્યા, તારો પાપનો ઉદય હોય ને એમ બનવાનું હોય તો બનશે બનશે ને બનશે, તારે તો સમતા રાખવી. અરે ભાઈ! કોણ કોના દીકરા ને કોણ જુદા પડે ને કોણ એકઠા રહે?—એ તો બધી ભ્રમણા છે. એ તો પૂર્વના ઉદયે આવ્યા ને ઉદય પૂરો થતાં ચાલ્યા જાય છે. તેમાં તેં કર્યું શું? કોઈ કોઈના પરિણામે કોઈ કરતું નથી. માટે સમતા રાખ.

બાપુ! પર દ્રવ્યના પરિણામ તે કરે ને તારા પરિણામ તું કરે, તારા પરિણામથી એનામાં કાંઈ થાય કે એના પરિણામ તને નુકશાન કરે એવું કદી બનતું નથી. માટે કોઈ પ્રાણી ઉપર ગુસ્સો કરવો એ તો અન્યાય છે. તે વાત દૃષ્ટાંતથી કહે છે કે ઊભા ઊભા ઝાડુ કાઢવા માટેના લાકડીએ બાંધેલ ઝાડુ ઉપર ગુસ્સો કરીને પગ ઉપાડીને પગેથી મારવા જાય તો લાકડીવાળું ઝાડુ હાથમાં રહી જાય ને પોતે જમીન ઉપર પડે, એમાં નુકશાન કોને? પોતાને માટે અહિત કરનાર પ્રાણીઓ પ્રત્યે પોતાનું હિત ચાહતા જીવે અપ્રીતિ ન કરવી જોઈએ.

જગતમાં કોઈ તારું શત્રુ કે મિત્ર નથી, દરેક પર પદાર્થ સ્વતંત્ર છે. માટે પોતાનું હિત ચાહનારા બુદ્ધિમાન પુરુષોએ કોઈ પ્રત્યે દ્વેષ કરવો નહિ. તે તે પર પદાર્થો તેની યોગ્યતા પ્રમાણે પરિણમે છે, તારે એની સાથે શું સંબંધ છે? એમ સમતા રાખીને, શાંતિ રાખીને જ્ઞાતા-દૃષ્ટા રહેવું, દ્વેષ નહિ કરવો. અજ્ઞાન છોડીને, ગુસ્સો છોડીને સમતા રાખવી. વિશેષ કહેશે. (ક્રમશઃ)

## ❋ આત્મજ્ઞાન–ઘાતક સાત વ્યસનો ❋

અશુભ કર્મના ઉદયમાં હાર અને શુભ કર્મના ઉદયમાં વિજય માનવો એ ભાવ જુગાર છે, શરીરમાં લીન થવું ભાવ–માંસભક્ષણ છે, મિથ્યાત્વથી મૂર્છિત થઈને સ્વરૂપને ભૂલી જવું એ ભાવ મદ્યપાન છે, કુબુદ્ધિના રસ્તે ચાલવું એ ભાવ વેશ્યાસેવન છે, કઠોર પરિણામ રાખીને પ્રાણોનો ઘાત કરવો એ ભાવ–શિકાર છે. દેહાદિ પર વસ્તુમાં આત્મબુદ્ધિ રાખવી તે ભાવ–પરસ્ત્રીસંગ છે, અનુરાગપૂર્વક પર પદાર્થોનું ગ્રહણ કરવાની અભિલાષા તે ભાવ–ચોરી છે. આ જ સાતે ભાવ–વ્યસન આત્મજ્ઞાનનું વિદારણ કરે છે, અર્થાત્ આત્મજ્ઞાન થવા દેતા નથી.

# 卐 શુદ્ધાત્મ-અવલોકન 卐

[ શ્રી નિયમસાર ગાથા ૩૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી તા. ૩૦-૧ ૭૯ ]

શ્રી નિયમસારશાસ્ત્રમાં આ શુદ્ધભાવ અધિકાર શરૂ થાય છે. શુદ્ધભાવ એટલે શું? પુણ્ય-પાપના જે અશુદ્ધભાવ તેનાથી રહિત થઈ પર્યાયમાં જે શુદ્ધભાવ પ્રગટે છે તેની આ વાત નથી. શુભ-અશુભભાવ અશુદ્ધ છે તે અપેક્ષાએ આત્માની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય શુદ્ધ છે, પણ તેની અહીં વાત નથી. અહીં ત્રિકાળી શુદ્ધભાવની વાત છે. શુદ્ધભાવ એટલે પરમપારિણામિકસ્વભાવભાવ કે જે ભૂતાર્થ છે, જ્ઞાયક છે, ત્રિકાળી શુદ્ધ ધ્રુવ છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવને આ અધિકારમાં શુદ્ધભાવ કહ્યો છે, તેની અહીં વાત છે. આત્માનું જે ત્રિકાળી ધ્રુવસ્વરૂપ છે તેને શુદ્ધભાવ કહે છે. તેના આશ્રયથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પર્યાય-મોક્ષમાર્ગરૂપ શુદ્ધ પર્યાય છે તેની અહીં વાત નથી. અહીં તો શુદ્ધ પર્યાય પણ આશ્રય કરવાલાયક નથી તેથી હેય છે, એમ બતાવ્યું છે. નિમિત્ત તો હેય છે, નિમિત્ત તરફનો શુભાશુભભાવ પણ હેય છે પરંતુ દ્રવ્યના આશ્રયથી પર્યાયમાં શુદ્ધ મોક્ષમાર્ગ થાય છે એટલે કે ઉદયભાવ તો અશુદ્ધ જ છે પણ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવરૂપ सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः-નિર્મળ પર્યાય તેને પણ અહીં હેય કહે છે. અહીં ત્રિકાળી શુદ્ધભાવનો આ અધિકાર છે. તેમાં પ્રથમ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપને સમજાવે છે:

जीवादिबहितच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।
कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ॥ ३८ ॥

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાય વ્યતિરિક્ત છે. ૩૮.

ટીકા:—આ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી. સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે, પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઇંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે. જે પરમ જિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે-એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે. ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી જે (કારણ-

પરમાત્મા ) દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત ગુણ પર્યાયો વિનાનો છે, તથા અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિક ભાવ જેનો સ્વભાવ છે-એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે. અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજપરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.

આ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.

છોડવા લાયક શું છે? આશ્રય કરવા લાયક શું છે? ઉપાદેય કરવા લાયક કોણ છે? તેનું અહીં કથન છે. વાત સૂક્ષ્મ છે. જીવાદિ સાત તત્ત્વોમાં જીવ કોણ? તો કહે છે કે વ્યવહાર જીવ અર્થાત્ જીવનો ક્ષયોપશમનો અંશ તે જીવ, શરીર, કર્મ આદિ અજીવ સંબંધી વિકલ્પ તે અજીવ, પુણ્ય-પાપના ભાવ અશુદ્ધ છે, તે આસ્રવ-બંધ તે તો બહિંતત્ત્વ છે જ પણ અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો-આનંદનો સ્વાદ આવ્યો તે પર્યાય પણ બહિર્તત્ત્વ છે, ત્રિકાળી આત્મા જ અંતઃતત્ત્વ છે. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ કહેતાં અહીં જીવમાં ક્ષયોપશમના અંશને જીવની પર્યાય લેવી; ને સંવર, નિર્જરા ને મોક્ષ એ પણ બહિર્તત્ત્વ છે, તેનો આશ્રય કરવા લાયક નથી, આશ્રય કરવા લાયક તો એક ત્રિકાળીભાવ એ જ પરમાર્થજીવ છે, કે જેનાથી મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે, તે જ એક ઉપાદેય છે. આહાહા! શું વાત કરી છે!

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ને પારિણામિક એ પાંચ ભાવ છે. તેમાં પારિણામિકભાવ ત્રિકાળી ધ્રુવ છે, તે સિવાય ચારે ભાવ જીવાદિ બહિર્તત્ત્વ છે. જિનસ્વરૂપી ત્રિકાળી આત્મા, વીતરાગ, અકષાયમૂર્તિ પ્રભુ, પરમપારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, એકરૂપભાવ તેને અહીં શુદ્ધભાવ કહેવાય છે. તેનાથી જીવાદિ સાતતત્ત્વો બાહ્ય-હેય-ભિન્ન છે. નિમિત્ત તો હેય છે જ કારણ કે તે પરદ્રવ્ય છે, આત્માને કદી અડયું જ નથી અને આત્માની પર્યાય કદી એ પરદ્રવ્યને અડી જ નથી પણ રાગાદિ વિકારભાવ, વ્યવહાર-રત્નત્રયનો વિકલ્પ તે બધો અશુદ્ધભાવ છે એ પણ બહિર્તત્ત્વ છે, અને અંતરમાં જે પરિપૂર્ણ સ્વરૂપ છે તેનો સ્વભાવના આશ્રયથી અનુભવ થયો-વીતરાગ પર્યાય થઈ-કે જે જૈનપણું છે—તેને પણ અહીં જીવાદિ બહિર્તત્ત્વોમાં નાખીને હેય કહેવામાં આવી છે.

આહાહા! આ કથન તો જુઓ! વીતરાગી સંત વિના કયાંય આવી વાત જ છે નહીં, આ અંતરની વાત છે. નિશ્ચય સમ્યગ્દર્શન વિના, આત્મઅનુભવ વિના એકલા વ્યવહારરત્નત્રયરૂપ તપ ને વ્રત એ સાધન છે, એનાથી નિશ્ચય રત્નત્રય સાધ્ય થાય છે એમ જે કહે છે તે મિથ્યા છે, શાસ્ત્રમાં ભિન્ન સાધ્યસાધનનું કથન આવે છે ત્યાં નિમિત્તનું

જ્ઞાન કરાવવા કયો ભાવ ત્યાં છે—એ સમજાવ્યું છે. અહીં તો કહે છે કે સમકિત હો, કેવળજ્ઞાન હો, મોક્ષતત્ત્વની પર્યાય હો, તે પણ જીવાદિ બહિર્તત્ત્વમાં–પરદ્રવ્યમાં જાય છે. પરદ્રવ્ય કેમ?–કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની વીતરાગી નિર્મળ પર્યાય પ્રગટ ન થાય એમ એ નિર્મળ પર્યાયમાંથી પણ નિર્મળ પર્યાય પ્રગટ ન થાય તેથી એ પર્યાયને અહીં પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે.

મોક્ષમાર્ગ કે જે નિશ્ચય મોક્ષમાર્ગની નિર્વિકલ્પ વીતરાગી પર્યાય છે, એ ઉપાય છે અને તેનું ઉપેય જે મોક્ષ છે તે પણ પર્યાય છે, તે પર્યાયને પણ અહીં પરદ્રવ્ય કહ્યું છે. છે તો ઝીણું પણ આવું ઝીણું સમજ્યા વિના તત્ત્વ પકડાશે નહિ.

જેમ સક્કરકંદમાં ઉપરની જે લાલ છાલ છે તે ન જુઓ તો અંદરમાં એકલી સાકરની મીઠાશનો પિંડ છે, એમ ભગવાન આત્માને પુણ્ય-પાપ, દયા-દાનના વિકલ્પની છાલ-રહિત અંદર જુઓ તો અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા દેખાય છે. આહાહા! અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે તે સ્વદ્રવ્ય છે, તે સિવાય કોઈ પણ પર્યાય હો–ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ક્ષાયિક સમકિતની પર્યાય હો–તેને અહીં બહિર્તત્ત્વમાં નાખી છે કારણ કે તેનો આશ્રય કરવાથી લાભ નથી. ક્ષાયિક સમકિતની પર્યાય લાભરૂપ છે પણ તેનો આશ્રય કરવાથી–તે પર્યાયનું લક્ષ કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે માટે તે આશ્રય કરવા લાયક નથી.

જેમની સભામાં શક્રેન્દ્રાદિ એકાવતારી ઇન્દ્રો અને ગણધરો-સંતો હતા એવા વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં આ વાત આવી છે. અરે આત્મા! તું કોણ છો? તું પર્યાય જેવડો છો? તું રાગ જેવડો છો?–ના. ના. પર્યાય તો વ્યવહાર–આત્મા છે, એ તું નહિ. શ્રી સમયસારશાસ્ત્રમાં ૧૧ મી ગાથામાં ववहारो अभूयत्थो–પર્યાયમાત્રને અભૂતાર્થ–જૂઠી કહી. કઈ અપેક્ષાએ?–કે ધ્રુવની દૃષ્ટિ કરાવવા મુખ્યને નિશ્ચય કહી, પર્યાય છે ખરી પણ તેને ગૌણ કરી વ્યવહાર કહીને તે નથી એમ કહ્યું છે, તદ્દન છે જ નહીં એમ નથી પણ ગૌણ કરીને અભૂતાર્થ કહી છે. એ જ વાત અહીં લીધી છે કે જેટલી પર્યાય છે એ બધી બહિર્તત્ત્વ હોવાથી પરદ્રવ્ય છે તેથી ઉપાદેય નથી.

શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવે મૂળ પાઠમાં તો ‘बहितच्चं हेयम’ એમ કહ્યું છે પણ શ્રી પદ્મપ્રભમલધારિદેવે અર્થમાં “ખરેખર ઉપાદેય નથી” એમ લીધું છે. હેય છે તેનો હેતુ બતાવવા તે ઉપાદેય નથી–આશ્રય કરવા લાયક નથી એમ કહ્યું. આ શુદ્ધભાવ અધિકાર છે તેથી ત્રિકાળી શુદ્ધ પ્રભુ છે તે સ્વદ્રવ્ય છે અને એ અપેક્ષાએ પર્યાયમાત્રને બહિર્તત્ત્વ કહી પરદ્રવ્ય કહ્યું છે. આહાહા! આવી અદ્ભુત વાત છે. આમાં કોની સાથે ચર્ચા કરવી? લોકો સમજે નહીં ને કહે કે આ એકાંત છે તો કહે છે કે બાપુ! તું ભગવાન છો, ભગવાનસ્વરૂપ છો, તારી પર્યાયમાં ભૂલ છે તે એક સમયની ભૂલ છે, ભગવાન

ત્રિકાળી નિર્મૂળ છે. પર્યાયમાં ભૂલનું જોર ગમે તેટલું હો પણ તે એક સમય જ રહે છે, બીજે સમયે ભલે એવી ને એવી પણ બીજી જ થાય છે. અરે! કેવળજ્ઞાન પણ જે એક સમયે ઉત્પન્ન થાય છે તે બીજે સમયે એનું એ નથી રહેતું, ભલે એવું ને એવું થાય પણ એ નહીં.

સૂક્ષ્મ લાગે પણ શું થાય! માર્ગ તો જે હોય તે જણાવાય. સમજમાં ન આવે તેથી માર્ગ કાંઈ બીજો ન થાય. આ તો અનંત કેવળીભગવંતોએ, અનંત તીર્થંકરભગવંતોએ પ્રરૂપેલો માર્ગ છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણવાવાળાનો વિરહ ત્રણ કાળમાં ક્યારેય હોતો નથી, અનાદિથી પ્રગટ સર્વજ્ઞ છે. આવા સર્વજ્ઞભગવાનની આ વાણી છે. વર્તમાનના ભગવાનની વાણી હો, ભૂતકાળના ભગવાનની વાણી હો કે ભવિષ્યકાળના ભગવાનની વાણી હો, બધી આ જ પ્રકારની હોય છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. શ્રી સમયસારશાસ્ત્રમાં કર્તાકર્મ અધિકારની ૭૨ મી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્યભગવાને કહ્યું છે કે "પુણ્ય ને પાપભાવ અશુચિ છે" ને તેના ટીકાકાર ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે કે "ભગવાન આત્મા તો સદાય અતિ નિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે"–આમ બધાયને ભગવાન કહ્યા છે. તેમાં ત્રણ બોલ–અશુચિ, જડ ને દુ:ખ–લીધા છે. પુણ્ય અને પાપ, વ્યવહારરત્નત્રય પણ, અશુચિ–મેલ છે અને તેની સામે ત્રિકાળી ભગવાન આત્મા તો નિર્મળાનંદ પ્રભુ છે જેને અહીં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે.

પુણ્ય ને પાપના ભાવ જડ છે કેમ કે ચૈતન્યના અને આનંદના અંશનો તેમાં અભાવ છે. આહાહા! પ્રભુ! એકવાર આ વાત તો સાંભળ! ભલે વ્યવહારરત્નત્રયનો રાગ હો કે મહાવ્રતનો હો પણ એ રાગ જડ છે કેમ કે "ભગવાન આત્મા તો સદાય વિજ્ઞાનઘન છે." આમ બીજા બોલમાં પણ આત્માને ભગવાન કહ્યો છે. ભગવાન જ્ઞાન ને આનંદસ્વરૂપ છે ને તેનો અંશ રાગમાં નથી. જેમ સૂર્યના કિરણમાં સૂર્યનો પ્રકાશ આવે છે તેમ આત્માના કિરણમાં નિર્મળતા આવવી જોઈએ તેથી મલિનતા છે તે જીવ નથી, અજીવ છે, જડ છે.—આમ શ્રી સમયસારશાસ્ત્રની ૭૨ મી ગાથાની ટીકામાં આત્માને ત્રણ વખત ભગવાન આત્મા કહ્યો છે.

અહીં કહે છે કે ભગવાન આત્મા કે જે સ્વદ્રવ્ય છે એના સિવાય જીવાદિ સાતતત્ત્વો પરદ્રવ્ય હોવાથી ખરેખર ઉપાદેય નથી. કેવળજ્ઞાનની પર્યાય પણ ઉપાદેય નથી. જેને કેવળજ્ઞાન નથી એવા સાધકજીવને નય છે તેની વાત છે. નય તો શ્રુતજ્ઞાનીને હોય છે. નિશ્ચય ને વ્યવહાર શ્રુતજ્ઞાનના ભાગ છે, શ્રુતપ્રમાણ એ અવયવી છે ને નય –નિશ્ચય ને વ્યવહાર–તેનો અવયવ છે. એવા નીચલા દશાવાળાને કેવળજ્ઞાનની પર્યાય પણ બહિર્તત્ત્વ છે કારણ કે તેને તેનું લક્ષ કરવા જેવું નથી, તેથી ઉપાદેય નથી.

શ્રી પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે ભાવલિંગ છે તે આત્મા નથી, ત્યાં પણ ત્રિકાળીની

વાત લેવી છે. અહીં પણ કહે છે કે ભાવલિંગ–પર્યાય પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી. સમ્યગ્દર્શન વિનાની વ્યવહાર–રાગની ક્રિયાને ઉપાદેય કરવાની વાત કરે તેની તો વાત જ નથી, તે તો વિરોધ જ છે, તેમાં વીતરાગતાની ઉત્પત્તિ નહીં થાય. પણ અહીં તો આગળ વાત કરે છે કે જિનસ્વરૂપ જે ત્રિકાળી છે તેનો અનુભવ થયો તે પણ પર્યાય છે તેથી તે પણ આશ્રય કરવા લાયક નથી, તે કારણે તે ઉપાદેય નથી.

* સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિરોમણિ છે *

ટીકાકાર પોતે મુનિ છે એટલે મુનિપણાની વાત લીધી છે. મુનિ કેવા હોય છે, પોતે કેવા છે તે કહે છે. સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ અર્થાત્ શિખરના ઉપરનું રત્ન, ચૂડામણિ છે. પરથી ઉદાસ છે. સમ્યગ્દૃષ્ટિ પણ પરથી ઉદાસીન હોય છે પણ તેને ત્રણ કષાયનો ભાવ હજુ છે ને મુનિને તો ત્રણ કષાયનો અભાવ છે, ફક્ત એક સંજ્વલન જ બાકી છે તેનાથી પણ તે ઉદાસ છે. જેને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર હોય છે તેને સહજ-સ્વાભાવિક વૈરાગ્ય હોય છે, બાકી બાહ્ય વૈરાગ્યથી સ્ત્રી-પુત્ર-કુટુંબ છોડી દે તે સાચો વૈરાગ્ય નથી. શ્રી સમયસારશાસ્ત્રમાં પુણ્ય-પાપ અધિકાર કહેતાં કહે છે કે પુણ્ય ને પાપથી વિરક્ત હો, ને સ્વભાવમાં રક્ત હો એને અમે વૈરાગ્ય કહીએ છીએ.

* પરદ્રવ્યથી પરાઙ્મુખ છે *

સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનું જે ચૂડામણિ છે એવા જે પરમ જિનયોગીશ્વર છે તે પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. આહાહા! આગળ જે પરદ્રવ્ય કહ્યું, ઉપાદેય નથી એમ કહ્યું તે હવે નાસ્તિથી કહે છે. પરદ્રવ્યથી તો પરાઙ્મુખ છે પણ સ્વદ્રવ્યમાં પરદ્રવ્યરૂપ પર્યાયનો પ્રકાર–ભેદ પડ્યો, તે પરદ્રવ્ય હોવાને લીધે ઉપાદેય નથી તેથી તેનાથી પરાઙ્મુખ છે. ધર્માત્મા સંતો આ રીતે પરદ્રવ્યથી પરાઙ્મુખ છે; સમ્યગ્દૃષ્ટિ સંતો ધર્માત્મા છે પણ તેમને નીચલા દરજ્જાની અનુભૂતિ છે, અહીં ઉત્કૃષ્ટ અનુભૂતિવાળા મુનિરાજની વાત છે. ચોથે, પાંચમે ગુણસ્થાને અનુભૂતિ છે, આનંદનો અંશ છે પણ મુનિરાજની જે દશા હોય છે તે તેને નથી તેથી ઉગ્ર વૈરાગી તો મુનિરાજને જ અહીં ગણ્યા છે.

સ્વાભાવિક વૈરાગ્યના મહેલના શિખરના જે ચૂડામણિ છે તે પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. આહાહા! ગજબની વાત કરી છે. પહેલાં જીવાદિ સાત તત્ત્વોને પરદ્રવ્ય કહ્યાં. મુનિરાજ તો પરદ્રવ્યથી પરાઙ્મુખ છે જ પરંતુ સમ્યગ્દૃષ્ટિ પણ એને કહેવાય છે જે પરદ્રવ્યથી પરાઙ્મુખ છે અને સ્વદ્રવ્યથી સન્મુખ છે.–આટલી શરતથી સમ્યગ્દર્શન ને મુનિપણું આવે છે. સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાયને અહીં પરદ્રવ્ય કહીને તેનાથી પરાઙ્મુખ મુનિરાજ છે એમ કહે છે.

આ શુદ્ધભાવ અધિકારની ગાથા ચાલે છે. શુદ્ધભાવ જે ત્રિકાળ ધ્રુવ છે તેનું લક્ષ

ધર્મીને કદી છૂટતું નથી, ચાહે તે શુભરાગ આવે કે અશુભરાગ આવે, પણ ધ્રુવના ધ્યાનના ધ્યેયથી તેનું લક્ષ કદી છૂટતું નથી. તે કારણથી અહીં કહે છે કે મુનિરાજ તો અંદર પ્રચુર અતીન્દ્રિય આનંદના વેદનમાં મશગૂલ પડયા છે તેથી તેઓ પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. શ્રી સમયસારશાસ્ત્રની ૪૯ મી ગાથામાં અવ્યક્તના છ બોલ આવે છે. તેમાં એક પાંચમો બોલ એવો આવે છે કે "વ્યક્તપણું તથા અવ્યકતપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે." એવા અવ્યક્ત સ્વભાવના ધ્યાનમાં મસ્ત મુનિરાજ પરદ્રવ્યથી પરાઙ્મુખ છે, પાંચ ઇન્દ્રિયોના વિસ્તાર રહિત છે. શ્રી સમયસારશાસ્ત્રની ૩૧ મી ગાથામાં આવ્યું છે કે जो इंदिये जिणित्ता ત્યાં જડ દ્રવ્ય ઇન્દ્રિય, એક એક વિષયને જાણવાવાળી ભાવ ઇન્દ્રિય અને સ્ત્રી-કુટુંબ, ભગવાનની વાણી અને ભગવાન એ બધું ઇન્દ્રિયનો વિષય તે-ઇન્દ્રિય છે; ત્રણેને સંસ્કૃત ટીકામાં ઇન્દ્રિય કહી છે. આ ત્રણેનું લક્ષ છોડીને તેનાથી જ્ઞાનસ્વભાવ ભગવાન ત્રિકાળ ચૈતન્યબ્રહ્મ-પ્રભુને ભિન્ન જાણે છે તેને જિતેન્દ્રિય કહેવામાં આવે છે. ઇન્દ્રિયનો વિષય ન લે, શરીરથી બ્રહ્મચર્ય પાળે માટે જિતેન્દ્રિય છે-એમ નથી. શરીરથી બ્રહ્મચર્ય તો અનંતવાર પાળ્યું છે. શ્રી છ-ઢાળામાં આવે છે કે—

**मुनिव्रत धार अनंतवार ग्रैवेक उपजायो।**
**पै निज आतमज्ञान विना, सुख लेश न पायो।।**

નગ્ન મુનિપણું-દિગંબર મુનિપણું લઈ, પંચ મહાવ્રતધારી, અઠ્ઠાવીસ મૂળગુણ અનંતવાર પાળ્યા, પણ એ મહાવ્રત ને અઠ્ઠાવીસ મૂળગુણ પાળવાનો ભાવ-એ વિકલ્પ છે, રાગ છે, દુઃખ છે, એ બધું અનંતવાર કર્યું પણ એક આત્મજ્ઞાન વિના સુખ પામ્યો નહીં. લિંગપાહુડમાં તો એમ કહ્યું છે કે એવું દ્રવ્યલિંગ ધારણ કરીને એવું કોઈ ક્ષેત્ર બાકી નથી રાખ્યું કે જ્યાંથી અનંત જન્મમરણ ન કર્યા હોય. સ્વદ્રવ્યના અનુભવ વિના આનંદ આવતો નથી અને તે વિના પંચમહાવ્રતના વિકલ્પ, દ્રવ્યલિંગ એ કાંઈ વસ્તુ નથી, સ્વદ્રવ્યના અનુભવ વિના એ બધું પરદ્રવ્ય છે. પંચમહાવ્રતાદિ દુઃખરૂપ છે. નિર્મળ મોક્ષમાર્ગ પણ જ્યાં આશ્રય કરવા લાયક નથી માટે હેય કહ્યો ત્યાં પુણ્ય-પાપના ભાવ તો દુઃખરૂપ જ છે. શ્રી તત્ત્વાર્થસૂત્રના છઠ્ઠા અધ્યાયમાં મહાવ્રતના પરિણામને આસ્રવ કહ્યા છે અને આસ્રવ છે તે દુઃખ છે. આહાહા! આવી વાત છે, લોકોને આ આકરૂં લાગે છે તેથી ટીકા કરે પણ વસ્તુસ્વભાવ તો આમ જ છે.

### * આત્મા ખરેખર ઉપાદેય છે *

અહીં તો કહે છે કે મુનિરાજ તો પરથી સહજ પરાઙ્મુખ છે, પાંચ ઇંદ્રિયો તરફ તેને લક્ષ નથી, દેહમાત્ર તેને પરિગ્રહ છે. મુનિને શરીર છૂટયું જતું નથી, તે સિવાય બીજી કોઈ ચીજ તેમને હોતી નથી. સાચા ભાવલિંગી સંતને વસ્ત્રનો એક ટૂકડો પણ

હોતો નથી. વસ્ત્રનો ટુકડો રાખવાનો ભાવ પણ તેમને હોતો નથી. આવું હોવા છતાં વસ્ત્ર રાખી મુનિપણું માને તો તે નિગોદમાં જશે-એમ શ્રી કુંદકુંદાચાર્ય ભગવાને શ્રી અષ્ટપાહુડના સૂત્રપાહુડમાં કહ્યું છે. "ચીભડાના ચોરને ફાંસીની સજા" જેવું આ નથી. વસ્ત્ર રાખીને મુનિપણું માને-મનાવે તેને નવે તત્ત્વની ભૂલ છે. વસ્ત્રનો ટુકડો રાખે ત્યાં અજીવનો આટલો સંયોગ તેને રહ્યો જે ખરેખર મુનિને હોતો નથી તેથી ત્યાં અજીવ-તત્ત્વની ભૂલ થઈ, અને વસ્ત્ર લેવાનો-રાખવાનો વિકલ્પ છે કે જે એવું મુનિની યોગ્યતામાં હોતું જ નથી, તેથી એ વિકલ્પ-આસ્રવની ભૂલ થઈ; અને આવો વિકલ્પ ન હોતાં સંવર વિશેષ હોય છે તેથી તે વિકલ્પવાળાને સંવર મુનિપણાને યોગ્ય નથી તેથી સંવરમાં ભૂલ થઈ-એમ નવે તત્ત્વની ભૂલ તેને સિદ્ધ થાય છે. અહીં તો કહે છે કે મુનિને તો એક દેહમાત્ર પરિગ્રહ છે.

જે પરમ જિનયોગીશ્વર છે, પરમ જિનસ્વરૂપ ભગવાનમાં જેણે પરમ યોગ જોડી દીધો છે, જેણે દ્રવ્યનો-ધ્રુવનો ઘણો ઉગ્ર આશ્રય લઈને શુદ્ધભાવ ગ્રહણ કર્યો છે અને સ્વદ્રવ્ય જે પરમપારિણામિક ભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, એકરૂપભાવ, સામાન્ય-ભાવ તેમાં તીક્ષ્ણ બુદ્ધિ રાખી છે, અંતરમાં આવા સ્વભાવને પકડી લીધો છે, ને સ્થિરતા ઘણી જ થઈ ગઈ છે એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.

---

[ આધ્યાત્મિક શિક્ષણ-શિબિર.... પેઈજ ૨૯ થી ચાલુ ]

હતી જે શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર ફરી હતી. બહાર ગામથી આવેલ મહેમાનોની સંખ્યા ભગભગ ૩૦૦ ની થઈ હતી. તેમને ઊતરવાની, જમાડવાની તથા અન્ય પ્રકારની વ્યવસ્થાની જવાબદારી અહીંના યુવક મંડળે ઉપાડી લીધી હતી. રાજકોટ મુમુક્ષુ મંડળના ૪૦૦ સભ્યોએ શિબિરનો લાભ લીધો હતો.

આ બધા કાર્યક્રમો વખતે ૯૯ વર્ષના વયોવૃદ્ધ માનનીય મુરબ્બી પ્રમુખશ્રી રામજીભાઈની ઉપસ્થિતિ રહેતી, જે સૌને માટે અત્યંત પ્રેરણાદાયક હતી.

આ આયોજનનો પ્રસંગ અહીંના સંઘ માટે પ્રથમ જ હતો, છતાં સૌના સહકારથી ઘણા જ ઉલ્લાસપૂર્વક તેની પૂર્ણાહુતિ થઈ. જે જોઈને પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં પણ તેમણે જે સદ્ધર્મની મહાન પ્રભાવના કરી છે તેમ જ અધ્યાત્મ-જ્ઞાનનો જે પ્રચાર-પ્રસાર કર્યો છે તેનું સ્મરણ તાજું થયું હતું અને તેઓશ્રીએ જે અપૂર્વ સન્માર્ગ દર્શાવ્યો છે તેનું અનુસરણ કરવામાં સર્વે મુમુક્ષુઓ પોતાની જવાબદારી સમજીને જાગૃતિ રાખી રહ્યા છે એમ લાગતું હતું.

રતીલાલ મોહનલાલ ધીયા
મંત્રી, શ્રી રાજકોટ દિગંબર સંઘ.
ડૉ. ચંદુભાઈ કામદાર
( તંત્રી-આત્મધર્મ )

[ વૈરાગ્ય ને પુરુષાર્થપ્રેરક પુરાણ-પ્રસંગ.....પાનું ૨ થી ચાલુ ]

હતી. ધરણીજડનો દાસીપુત્ર કપિલ જનોઈ ધારણ કરી બ્રાહ્મણના રૂપમાં રત્નસંચયપુર નગરમાં આવ્યો. એને રૂપવાન તથા વેદનો પારંગત જાણી સાત્યકી પોતાના ઘરે લઈ આવ્યો તથા પોતાની સત્યભામાનો વિવાહ કપિલ સાથે કર્યો. રાત્રે સત્યભામાને કપિલની નીચ ચેષ્ટાઓની ખબર પડી એટલે "આ ઉચ્ચકુળનો નથી" એમ ચિન્તા થવા લાગી. તે વિચારવા લાગી, મનુષ્યોએ ઝેર પી લેવું સારું છે, સર્પની સંગતિ સારી છે, બળતી અગ્નિમાં કૂદી પડવું અથવા પાણીમાં કૂદી પડવું સારું છે પરન્તુ નીચ મનુષ્યોની સંગતિ કરવી સારી નથી. એવું જાણીને કપિલથી વિરક્ત થઈને પવિત્ર હૃદયવાળી તે ધીર-વીર, સતી સત્યભામા એના ચિત્તમાં હંમેશા દુઃખી રહેવા લાગી. અહીં કર્મયોગથી ધરણીજડ ગરીબ થઈ ગયો એણે જ્યારે કપિલના વૈભવની વાત સાંભળી તો ધનની ઇચ્છાથી એની પાસે આવ્યો; કપિલે લોકોને કહ્યું કે આ મારા પિતા છે, તો લોકોએ એમનો આદર-સત્કાર કર્યો. તે બ્રાહ્મણ સુખપૂર્વક કપિલ ને સત્યભામા સાથે રહેવા લાગ્યો. એક દિવસ સત્યભામા ધરણીજડ બ્રાહ્મણને ઘણું બધું ધન આપીને ખૂબ જ વિનયથી કપિલના કુળ સંબંધી પૂછવા લાગી. બ્રાહ્મણે ઉત્તર આપ્યો કે હે પુત્રી!-આ તારો પતિ કપિલ મારો દાસી-પુત્ર છે. આ દુષ્ટે બ્રાહ્મણનો કપટ વેશ ધારણ કર્યો છે. આચાર્ય કહે છે કે જુઓ, કુટિલતાથી પેદા થયેલા મુર્ખોનું ગુપ્ત મહાપાપ પણ કોઢના રોગ સમાન પ્રગટ થઈ જાય છે. આ સાંભળીને પુણ્યશાલિની સત્યભામાએ પોતાના શીલ ભંગના ડરથી કપિલનો ત્યાગ કરી દીધો તથા રણવાસમાં જઈને રાજાનું શરણ લીધું. આટલા દિવસ સુધી કપટ કરવાનું પાપ કર્યું હતું એટલે રાજાએ દુષ્ટ કપિલને ગધેડા પર બેસાડી પોતાના દેશ બહાર કાઢી મૂકયો. દાન-પુણ્ય આદિ ગુણોથી શોભાયમાન તથા શીલવ્રતથી વિભૂષિત એવી સતી પતિવ્રતા સત્યભામા રણવાસમાં સુખપૂર્વક રહેવા લાગી.

પુણ્યોપાર્જન કરવામાં હંમેશા તત્પર શ્રીષેણ રાજા [ ભવિષ્યમાં થનાર ભગવાન શાંતિનાથનો જીવ ] પાત્રદાન દેવા માટે પ્રતિદિન સ્વયં ભાવના ભાવતા હતા. એક દિવસ અમિગતિ તથા અરિંજય નામના બે આકાશગામી ચારણ મુનિ એના ઘરે પધાર્યા. તે બન્ને મુનિરાજ દરેક પ્રકારના પરિગ્રહોથી રહિત હતા. પરન્તુ ગુણરૂપી સમ્પદાથી રહિત ન હતા. તપસ્યાથી એમનું આખું શરીર કૃશ થઈ ગયું હતું તથા રાગદ્વેષથી સર્વથા વિમુક્ત હતા. તેઓ સંસારમાં નિર્લોભી હતા તથાપિ મોક્ષ-સામ્રાજ્યની પ્રાપ્તિ માટે ખૂબ જ લાલસા હતી. તેઓ સર્વ પ્રકારના જીવોનું હિત કરવાવાળા હતા. તેઓ ધીર-વીર તથા જ્ઞાન-ધ્યાનમાં હંમેશા ઉત્કંઠ રહેતા હતા તથા સ્ત્રીની વાંછાથી રહિત હતા; તથાપિ મુક્તિ રૂપી સ્ત્રીમાં ખૂબ જ મોહિત હતા; મનુષ્ય, દેવ બધા એમની પૂજા કરતા હતા;

ત્રણે કાળ સામાયિક કરતા હતા તથા રત્નત્રયથી સુશોભિત હતા. તેઓ ઇચ્છા તથા અભિમાન રહિત હતા. મૂલગુણ તથા ઉત્તરગુણની ખાણ હતા તથા ભવ્યજીવોને સંસારરૂપી સમુદ્રથી પાર કરવા માટે જહાજ સમાન હતા, તેઓ જ્ઞાનરૂપી મહાસાગરના પારગામી હતા. પૃથ્વી સમાન ક્ષમા ધારણ કરવાવાળા હતા તથા કર્મરૂપી લાકડાને બાળવા માટે બન્ને અગ્નિ સમાન હતા. તેઓ જળ સમાન સ્વચ્છ હૃદયવાળા હતા. વાયુ સમાન બધા દેશોમાં વિહાર કરવાવાળા હતા. પોતાના ધર્મનો ઉદ્યોત કરવાવાળા હતા. પ્રતિદિન વનમાં નિવાસ કરવાવાળા હતા. બન્ને મુનિ ચોરાશીલાખ ઉત્તરગુણોથી વિભૂષિત હતા તથા શીલના અઢાર હજાર ભેદોથી સુશોભિત હતા. એવા બન્ને મુનિરાજ આહાર માટે રાજાના ઘરે પધાર્યા.

જેવી રીતે મોટો ખજાનો જોઈને ગરીબ માણસ પ્રસન્ન થાય એવી રીતે મનુષ્યોને મોક્ષ પ્રાપ્ત કરાવવાવાળા એ મુનિરાજોને જોઈને રાજા શ્રીષેણ ખૂબ જ આનંદિત થયા. રાજાએ મસ્તક નમાવીને બંને મુનિરાજાના ચરણોમાં નમસ્કાર કર્યાં તથા 'તિષ્ઠ તિષ્ઠ' કહીને બન્નેને બિરાજમાન કર્યા. ઊંચા દાન દેવામાં તત્પર એવા રાજામાં શ્રદ્ધા, શક્તિ, નિર્લોભપણું, ભક્તિ, જ્ઞાન, દયા, ક્ષમા–એ દાતાના સાત ગુણ પ્રગટ થયા હતા. પ્રતિગ્રહ ઉચ્ચસ્થાન, પાદપ્રક્ષાલન, અર્ચન, પ્રણામ, કાયશુદ્ધિ, વાક્શુદ્ધિ, મનશુદ્ધિ, અને આહારશુદ્ધિ આ નવપ્રકારની ભક્તિ–નવધાભક્તિ ગુણોની ખાણ કહેવાય છે, તે પુણ્યને પ્રાપ્ત કરવાવાળી છે. દાન સમયે રાજાએ આ નવ ભક્તિ કરી હતી. જે વિશુદ્ધ હોય, પ્રાસુક હોય, મિષ્ટ હોય, કૃતરહિત આદિ દોષોથી રહિત હોય, મનોજ્ઞ હોય, છએ રસોથી પરિપૂર્ણ હોય તથા ધ્યાન અધ્યયન આદિને વધારવાવાળા હોય એને શ્રેષ્ઠ આહાર કહે છે. ઉપર લખેલ આ સાતે ગુણોથી સુશોભિત તે રાજાએ મોક્ષ પ્રાપ્ત કરવા માટે તે બન્ને ચારણ મુનિઓને વિધિપૂર્વક તૃપ્ત કરવાવાળું ઉત્તમ ભોજન આપ્યું. તે બન્ને રાણીઓએ પણ શ્રેષ્ઠ દાનની અનુમોદના કરી ભક્તિપૂર્વક સુશ્રૂષા તથા પ્રણામ તથા વિનય આદિ દ્વારા ઘણું પુણ્ય પ્રાપ્ત કર્યું. સત્યભામા બ્રહ્મણીએ પણ ખૂબ જ ભક્તિથી તથા દીનભાવોથી મુનિરાજોનું આદર-સત્કાર દ્વારા સેવા કરી. એટલે એણે પણ રાણીઓ સમાન પુણ્ય પ્રાપ્ત કર્યું. બરાબર છે કે સારા પરિણામોથી શું શું નથી મળતું ? બન્ને મુનિરાજોએ સમભાવથી આહાર લીધો તથા એ ઘરને પવિત્ર કરી શુભ આશીર્વાદ આપી તેઓ આકાશ માર્ગે ચાલ્યા ગયા. તે દાનથી ઉત્પન્ન થયેલા આનંદરસથી જેનું મન અત્યન્ત તૃપ્ત થઈ રહ્યું છે એવા તે રાજા પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા તથા ગૃહસ્થાશ્રમને સફલ માનવા લાગ્યા.

કૌશામ્બી નગરમાં પુણ્ય કર્મના ઉદયથી મહાબલ નામના રાજા રાજ્ય કરતા હતા; એની રાણીનું નામ શ્રીમતી હતુ તથા તે બન્નેને શ્રીકાન્તા નામની પુત્રી હતી. રૂપ-લાવણ્ય આદિ ગુણોથી વિભૂષિત શ્રીકાન્તાનો વિવાહ પુણ્યકર્મના ઉદયથી રાજા શ્રીષેણના પુત્ર ઇન્દ્ર સાથે વિધિપૂર્વક થયો હતો. તે જ રાજાને અનન્તમતી નામની એક

વિલાસીની હતી જે રુપવતી તથા ગુણવતી હતી. રાજાએ સ્નેહ–ભેટ સ્વરૂપ એ વિલાસીની શ્રીકાન્તાને આપી. પરન્તુ અનન્તમતી રુપવાન ઉપેન્દ્રમાં મોહિત થઈ એની સાથે કામભોગ આદિ કરી ભ્રષ્ટા થઈ ગઈ. વિલાસીની માટે બન્ને ભાઈ ઇન્દ્ર તથા ઉપેન્દ્ર યુદ્ધ કરવા લાગ્યા. આચાર્ય કહે છે કે–જુઓ, મનુષ્યોના એવા ભોગાદિ સુખોને ધિક્કાર છે કે જેને માટે ભાઈ-ભાઈમાં યુદ્ધ થાય. આવી વાતો સાંભળીને રાજા શ્રીષેણને પોતાની આજ્ઞા ભંગ થવાનું ખૂબ જ દુઃખ થયું, તે કારણે વિષફલ સૂંઘીને મરી ગયો. ત્યાર બાદ ધાતકી ખંડદ્વીપમાં પૂર્વમેરુની ઉત્તર દિશામાં ઉત્તરકુરુ નામની સુખ દેવાવાળી ભોગભૂમિમાં લાવણ્ય આદિથી સુશોભિત આર્ય થયા, સિંહનિન્દિતા રાણી પણ તે જ વિષફલ સૂંઘીને મરી ગઈ તથા પ્રદત દાનથી પેદા થયેલા ધર્મના પ્રભાવથી તે જ ભોગભૂમિમાં તે જ આર્યની આર્યા થઈ. બીજી રાણી અનિન્દિતા એમ જ મરીને સ્ત્રીલિંગ છેદીને મહાપુણ્યોદયથી તે જ ભોગભૂમિમાં આર્ય પેદા થઈ અને સત્યભામા બ્રાહ્મણી પણ તે જ રીતે પ્રાણ છોડીને ધર્મના પ્રભાવથી તે અનિન્દિતાની આર્યા થઈ. આ રીતે શાંતિનાથ ભગવાનનો જીવ ઉન્નતિ ક્રમમાં આગળ વધતા બળભદ્ર, ચક્રવર્તી, કામદેવ તીર્થંકર, આદિ પદ પામીને નિજ સ્વરૂપના સાધનવડે મોક્ષ પામે છે. આચાર્ય કહે છે કે જુઓ ! કે અપમૃત્યુ તથા આપઘાતથી મરીને પણ કેવળ તે મહાદાનના ફળરૂપે તેઓ શુભગતિને પ્રાપ્ત થયા હતા; એટલે કહે છે કે દાન દેવું ઉત્તમ છે. આ તરફ બન્ને ભાઈ યુદ્ધ કરી રહ્યા હતા. પરન્તુ પૂર્વભવના સ્નેહના કારણે મણિકુંડલ નામનો વિદ્યાધરે આવીને એમનું યુદ્ધ રોકી દીધું ને કહેવા લાગ્યો કે હે રાજકુમારો, હું એક કથા કહું છું તમે ઇર્ષ્યાભાવ છોડીને તથા શાન્ત ચિત્ત કરીને સાંભળો, કેમ કે આ કથા તમારું હિત કરવાવાળી છે. જુઓ, ધાતકીખંડદ્વીપમાં પૂર્વમેરૂ સમ્બન્ધી પૂર્વવિદેહક્ષેત્ર છે. જે સદ્ધર્મ તથા તીર્થંકર આદિથી સુશોભિત છે. તે ક્ષેત્રના પુષ્કલાવતી દેશમાં એક રૂપાચલ પર્વત શોભાયમાન છે, કે જે ઊંચો છે, જિન ચૈત્યાલયોથી વિભૂષિત છે તથા મેરૂ સમાન દેખાય છે. તે પર્વતની દક્ષિણ શ્રેણીમાં એક આદિત્યાભ નામનું સુન્દર નગર છે! એમાં પુણ્ય-કર્મના ઉદયથી કુંડલથી સુશોભિત સુકુંડલી નામનો રાજા રાજ્ય કરતો હતો, એની રાણીનું નામ અમિતતેજસેના છે તથા તે બન્નેનો પુત્ર બુદ્ધિમાન મણિકુંડલ હું છું.

પુંડરીકિણી નગરીમાં અતિપ્રભ નામક કેવળી ભગવાન પાસે જઈ ને તથા એમને નમસ્કાર કરી મેં મારા પહેલાં ભવની કથા પૂછી હતી. ભગવાને જે કથા મને કહી હતી તે જ કથા હું તમને કહેવા ઇચ્છું છું, કેમકે તીર્થંકરના મુખેથી પેદા થયેલી તે કથા ખૂબ જ સુન્દર છે તથા તમારા બન્નેનું હિત કરવાવાળી છે. જુઓ ! પુષ્કરદ્વીપમાં જિન-ચૈત્યાલયોના આશ્રયભૂત પશ્ચિમ મેરૂ પર્વત છે, એના પૂર્વ તરફ ત્રિવર્ણાશ્રમથી સુશોભિત વિદેહક્ષેત્ર છે. એમાં એક વીતશોકા નગરી છે. એમાં ચક્રાયુદ્ધ નામનો રાજા રાજ્ય કરતો હતો તથા એની પુણ્યશાલિની રાણીનું નામ કનકમાલા હતું. કનકમાલાની કનકલતા

તથા પદ્મલતા નામની બે પુત્રી હતી. તે જ રાજાની વિદ્રન્મતી નામની બીજી પતિવ્રતા રાણી હતી, તેને પદ્માવતી નામની પુત્રી હતી. ધર્મના પ્રભાવથી બધા મળીને અનેક પ્રકારના સુખોનો ઉપભોગ કરતા હતા.

એક દિવસ રાણી કનકમાળા પુણ્ય કર્મના ઉદયથી પોતાની બન્ને પુત્રીઓ સાથે અમિતસેના નામની અર્જિકા પાસે પહોંચી. એમની સમીપ જઈને નમસ્કાર કર્યા તથા કાળલબ્ધિ પ્રાપ્ત થઈ જવાથી બધાએ ગૃહસ્થોના વ્રતનો સ્વીકાર કર્યો. તે બધા વ્રતોનું પાલન કરી સમ્યગ્દર્શનના પ્રભાવથી સ્ત્રીલિંગ છેદીને સૌધર્મ સ્વર્ગમાં મોટા ઋદ્ધિધારી દેવ થયા. પદ્માવતી પણ મરીને પોતાના પુણ્યોદયથી સૌધર્મ સ્વર્ગમાં એક અપ્સરા થઈ જે ખુબજ ગુણવતી હતી. તેઓ બધા દેવ-ધર્મના પ્રભાવથી પેદા થયેલા ઇન્દ્રિઓને તૃપ્ત કરવાવાળા ઉત્તમ સુખ તથા ઋદ્ધિઓ તથા દેવીગણ આદિના સમ્બન્ધથી પેદા થયેલા સુખોનો અનુભવ કરવા લાગ્યા. પોતાનું આયુષ્ય પૂર્ણ થયા બાદ તે બધા ત્યાંથી ચ્યુત થઈને પૂનર્જન્મ ધારણ કર્યાં. એમાથી કનકમાલાનો જીવ મણિકુંડલી હું છું; કનકલતા, પદ્મલતા બન્ને પુત્રીઓનો જીવ સ્વર્ગથી દેવ-પર્યાય છોડીને બાકી બચેલા પુણ્ય-કર્મના ઉદયથી તમે બન્ને ઇન્દ્ર તથા ઉપેન્દ્ર નામના રાજપુત્ર થયા છો તથા પદ્માવતીનો જીવ જે સૌધર્મ સ્વર્ગમાં અપ્સરા થઈ હતી, તે ત્યાંથી ચ્યવીને આ રુપવતી અનન્તમતી વિલાસીની બની છે.

શ્રી અમિતપ્રભ તીર્થંકરના શ્રીમુખેથી આ શુભ તથા ઉત્તમ કથા સાંભળીને પહેલાં જન્મના સ્નેહથી તમને સમજાવવા માટે હું આવ્યો છું. આ કથાને સાંભળી તે બન્ને ભાઈઓ પોતાની નિંદા કરી સંસારથી વિરક્ત થઈને શુભ કર્મના ઉદયથી સુધર્મનામના મુનિરાજ પાસે ગયા અને મુનિરાજને નમસ્કાર કરીને, ઉદાસ થઈને બાહ્ય તથા અભ્યંતર બન્ને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કર્યો તથા ઉત્કૃષ્ટ સંયમ ધારણ કર્યો. તે બન્ને મુનિરાજે શુકલધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપી લાકડાને જલ્દી બાળી નાખ્યા તથા ઘોર તપસ્યા દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તે બન્નેએ સૂક્ષ્મધ્યાનરૂપી તલવારથી સમસ્ત કર્મોનો નાશ કરી મોક્ષમાં પધાર્યા, અનન્તગુણોના પાત્ર બની ગયા. અનન્તમતીએ પણ શ્રાવકના સમ્પૂર્ણ વ્રત ધારણ કર્યા તથા ધર્મના પ્રભાવથી સ્વર્ગમાં ઉત્પન્ન થઈ. બરાબર છે કે સજ્જનોના અનુગ્રહથી શું શું પ્રાપ્ત નથી થતું!

[ જુઓ! ભગવાન શ્રી શાંતિનાથના પૂર્વના એક ભવમાં તેમના બે પુત્રો એક દાસી માટે અંદરો અંદર લડે છે ને ઘડીકમાં તો તે જ પ્રસંગ જે નિમિત્ત બનાવી વૈરાગ્ય પામીને, 'હું વર્તમાનમાં પરિપૂર્ણ ભગવાન જ છું' એમ દ્રવ્યદૃષ્ટિ કરીને તે બન્ને ભાઈઓ એક જ શીવસુંદરીને વરે છે! પૂજ્ય ગુરુદેવ શ્રી ફરમાવતા તેમ પાપી જીવો પણ ચૈતન્યની અનંત શક્તિના સામર્થ્યના વિશ્વાસના બળે ભવસાગર તરી જાય છે. ]

—શ્રી શાંતિનાથ પુરાણમાંથી

શ્રી દિગમ્બર જૈન સંઘ, રાજકોટ દ્વારા આયોજિત

## આધ્યાત્મિક શિક્ષણ-શિબિરની અત્યંત સફળતાપૂર્વક પૂર્ણાહુતિ

શ્રી રાજકોટ દિગમ્બર જૈન સંઘ દ્વારા આયોજિત તા. ૨૫-૧૨-૮૧ થી તા. ૧-૧-૮૨ સુધીના આઠ દિવસીય આધ્યાત્મિક શિક્ષણ-શિબિરનું ઉદ્‌ઘાટન માનનીય પ્રમુખશ્રી રામજીભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ શિબિરનો શુભ આરંભ અધ્યાત્મ-યુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના ટેઈપ રેકોર્ડ કરેલ પ્રવચન દ્વારા થયો હતો.

શ્રી જિનમંદિરમાં પ્રાતઃ ૭-૨૦ થી ૮-૦૫ સુધી સામૂહિક પૂજા થતી હતી, અને અંતિમ પાંચ દિવસોમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા થઈ હતી.

૮-૧૫ થી ૯-૧૫ સુધી આદરણીય પં. શ્રી લાલચંદભાઈનું સમયસાર ગાથા ૩૨૦ની શ્રી જયસેનાચાર્ય દેવકૃત ‘ તાત્પર્યવૃત્તિ ’ ટીકા ઉપર પ્રવચન, ૯-૧૫ થી ૧૦ સુધી શ્રી ડૉ. ચંદુભાઈ દ્વારા શિક્ષણ-શિબિર તથા રાત્રે શ્રી સમયસારની ગાથા-૬ ઉપર પ્રવચન, શ્રી ખીમચંદભાઈ દ્વારા પ્રવચન તથા શિક્ષણ, શ્રી ડૉ. પ્રવીણભાઈ દ્વારા બપોરે નય સંબંધી સ્પષ્ટીકરણ, જયપુરવાળા શ્રી પં. અભયકુમારજી શાસ્ત્રી દ્વારા અંતિમ પાંચ દિવસોમાં શ્રી મોક્ષમાર્ગપ્રકાશકના સાતમા અધિકાર ઉપર રોચક શૈલીથી પ્રવચન તથા શિક્ષણ, શ્રી દેવશીભાઈ દ્વારા છઢાળા ઉપર શિક્ષણ તથા અમુક દિવસોએ શ્રી લાલચંદ-ભાઈ દ્વારા અધ્યાત્મ તત્ત્વચર્ચા—આ પ્રમાણેનો કાર્યક્રમ નિયમિત તથા વ્યવસ્થિત રીતે ચાલતો.

પૂ. ગુરુદેવશ્રીએ નૈરોબી ( આફ્રિકા ) માં સમયસાર ગા. ૧૭-૧૮ ઉપર તથા ‘ બહેનશ્રીનાં વચનામૃત ’માંથી થોડા બોલ ઉપર જે અપૂર્વ પ્રવચનો આપેલ હતાં અને વીડીયો ટેઈપ-રેકોર્ડ કરવામાં આવ્યાં હતાં તેનું શ્રવણ તથા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન બે દિવસ વીડીયો દ્વારા કરાવવામાં આવેલ; તા. ૨૮-૧૨-૮૧ ના રોજ રાખવામાં આવેલ બે કલાકના તેમ જ તા. ૨૯-૧૨-૮૧ ના રોજ રાખવામાં આવેલ એક કલાકના આ કાર્યક્રમમાં લગભગ બે હજાર ભાઈ-બેનોની ઉપસ્થિતિ હતી.

શ્રી ટોડરમલ સ્મારક ભવન, જયપુરનાં સંસ્કૃત મહાવિદ્યાલયથી પાંચ છાત્રો આવેલા, તેમના દ્વારા બે દિવસ જ્ઞાનગોષ્ટિ-(૧) સમ્યક્‌દર્શનનું સ્વરૂપ, તેની પ્રાપ્તિનો ઉપાય તથા હેતુ અને (૨) નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તથા તેની ઉપયોગિતા ઉપર રાખવામાં આવેલ, જેનું શ્રવણ કરીને શ્રોતાજનો પ્રસન્નતા અનુભવતા હતા.

એક દિવસ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં (૧) અહીંના મુમુક્ષુ યુવક મંડળના સભ્યોએ ‘ અકલંક-નિકલંક ’નું નાટક ભજવી બતાવ્યું હતું, અને (૨) અહીંની પાઠશાળાનાં બાળકો દ્વારા પૂ. ગુરુદેવશ્રી તેમ જ પૂ. બેનશ્રીનું મહત્ત્વ દર્શાવતો સંવાદ રજૂ કર્યો હતો. તે જોઈને પણ ઉપસ્થિત સમાજે પ્રમોદ વ્યક્ત કર્યો હતો.

આ દિવસો દરમ્યાન સત્ સાહિત્યનું તથા ફોટાઓનું ઘટાડેલી કિંમતે વેંચાણ લગભગ રૂા. ૨૫૦૦ નું થયું હતું, એક દિવસ ભગવાનની ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી

[ અનુસંધાન માટે જુઓ પેઈજ-૨૪ ]

## વૈરાગ્ય સમાચાર

* સોનગઢ નિવાસી છબલબેન કેશવલાલ શાહ ભડકવાવાળા ( વર્ષ ૮૦ ) તા. ૧૭-૭-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી સમરતબેન મણીલાલ પદમશી મહેતા ( વર્ષ ૬૩ ) તા. ૫-૧૧-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢ નિવાસી શ્રી વૃજલાલ દેવજીભાઈ શાહ ( તે ધનસુખ તથા ભરતના પિતાજી ) ( વર્ષ ૭૦ ) તા. ૩૦-૧૨-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મહિદપુર નિવાસી શ્રી સૂરજમલજી ( વર્ષ ૭૮ ) તા. ૯-૧૨-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ફત્તેપુર નિવાસી છોટાલાલ રાયચંદ ગાંધી તા. ૩-૧-૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.


* સોનગઢ નિવાસી મરઘાબેન મગનલાલ પારેખ ( વર્ષ ૭૫ ) તા ૧૪-૧-૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વર્ષોથી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો ઉલ્લાસપૂર્વક લાભ લેતા હતા.

—સદ્ગત મુમુક્ષુઓ અવારનવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મોન્નતિ-કારક પ્રવચનોનો વારંવાર લાભ લેતા હતા. તેઓને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણા ભક્તિભાવ હતા. સદ્ગતના આત્માઓ વીતરાગધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## જીવન થોડું ને આ શું કરે છો ભાઈ!

એક વિચાર આવ્યો હતો કે સરકારી નોકરોને ૫૫-૫૬ વર્ષે નોકરીથી ઉતારી દે છે તો આ શેઠીયાઓને એવો કોઈ કાયદો નહીં હોય! કે ૫૫-૫૬ વર્ષે ધંધાથી છૂટા થઈને પોતાના આત્માનું કાંઈક હિત કરે! આહાહા! રોટલા ખૂટે એમ ન હોય, પાછળ પૈસાનો પાર ન હોય છતાં પણ નિવૃત્તિ લઈને પોતાના આત્માનું કંઈ હિત કરતા નથી, તેને મરીને ક્યાં જવું છે? અરે! મમતાના પરિણામમાં મરીને તિર્યંચમાં બકરી આદિના પેટે અવતાર થશે!

શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે કે મુમુક્ષુઓને આજીવિકા પુરતું મળતું હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી; આ તો રોટલા મળતા હોય તોય માથે પોટલા બાંધે! અરેરે! જવું છે ક્યાં? જીવન થોડું ને આ શું કરો છો ભાઈ! આવો મનુષ્યભવ મળ્યો છે ને આવા સત સમજવાના ટાણા છે તો ચાર-છ-આઠ કલાક વાંચન-શ્રવણ-મનન સતસમાગમ કરીને તારા આત્માનું કાંઈક હિત કરીને માનવભવ સફળ કર.



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. જે આઠ પ્રકારના કર્મોનો નાશ કરીને, ચાર ગતિરૂપ સંસારથી આત્માને છોડાવીને મોક્ષ આપે તેને, જેણે સંસારનો નાશ કર્યો છે એવા વિદ્વાનો વિનય કહે છે.

પૂર્વકાળમાં પણ જિનેશ્વરોએ એકસો સિત્તેર કર્મભૂમિઓમાં સદા કાળ મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કરાવવા માટે વિનયનું વર્ણન કર્યું છે તેમ સમજીને તેમાં નિઃશંક પ્રવૃત્તિ કરવી.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર પટ્ આવશ્યક–અધિકાર, ગાથા ૯૦–૯૧)

૨. જન્મ-મરણ એ જેના માતા-પિતા છે. આધિ–વ્યાધિ એ બે જેના સહોદર ભાઈ છે અને વૃદ્ધાવસ્થા જેનો પરમ મિત્ર છે એવા શરીરમાં રહીને તું અનેક પ્રકારની ચિત્ર–વિચિત્ર આશામાં વહી રહ્યો છે એ એક આશ્ચર્ય છે! (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક ૨૦૧)

૩. આ સંસારમાં સર્વ પુરુષોને જ્ઞાનથી જ સર્વ પ્રયોજનની સિદ્ધિ થાય છે. અજ્ઞાનથી કંઈ પણ સિદ્ધિ થતી નથી. આમ જ્ઞાનનો ગુણ જાણીને મહાપુરુષો જ્ઞાનને કદાપિ છોડતા નથી.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક ૨૦૨)

૪. હે ભવ્ય જીવ! આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવના જ્ઞાન સહિત વિનય પૂર્વક હંમેશા કરો, નહિ તો મરણ આવતાં બહુ પશ્ચાત્તાપ થશે કે હું કંઈ કરી ન શક્યો. તથા મરણનો સમય નિઃશ્ચિત નથી તેથી આત્મ-જ્ઞાનની ભાવના સદાય કરવા યોગ્ય છે.

(શ્રી કુલભદ્ર આચાર્ય, સાર સમુચ્ચય)

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલી *

૧૬૨૪ શ્રી પ્રકાશ હીંમતલાલ શાહ રાજકોટ
૧૬૨૫ ,, લક્ષ્મીચંદ ભાણજીભાઈ મીસ્ત્રી પોરબંદર
૧૬૨૬ ,, ગંગાબેન ડાયાલાલ શાહ હીંમતનગર
૧૬૨૭ ,, સોલંકી રાજુભાઈ પ્રેમજીભાઈ રાજકોટ
૧૬૨૮ ,, હીરજીભાઈ આર. સાપરીયા ,,
૧૬૨૯ ,, કાંતિલાલ વનમાળીદાસ વખારીયા અમદાવાદ
૧૬૬૦ ,, ભૂપતરાય છોટાલાલ ભાયાણી રાજકોટ
૧૬૩૧ ,, ઝવેરચંદ દેપાર શાહ જામનગર
૧૬૩૨ ,, અમૃતલાલ બી કોઠારી મુંબઈ
૧૬૩૩ ,, ધીરજલાલ પાનાચંદ વેલાણી ,,
૧૬૩૪ ,, ધીરેન્દ્ર રમણીકલાલ દોશી અમદાવાદ
૧૬૩૫ ,, ભમરકલાબેન જૈન ઉદયપુર
૧૬૩૬ ,, કુસલ ડ્રેસર્સ ઇંદોર
૧૬૩૭ ,, રમેશભાઈ ભોગીલાલ દોશી મુંબઈ
૧૬૨૮ ,, મહેશકુમાર ભોગીલાલ મહેતા ,,
૧૬૩૯ ,, ધનજી લાલજી શાહ ,,
૧૬૪૦ ,, ઝવેરબેન સી. ભાયાણી જમશેદપુર
૧૬૪૧ ,, અનીલ એમ. શાહ મુંબઈ
૧૬૪૨ ,, ધીરજલાલ વાડીલાલ સંઘવી મદ્રાસ
૧૬૪૩ શ્રી મનસુખલાલ શાંતિલાલ ઝોબાલીયા મુંબઈ
૧૬૪૪ ,, જીતેન્દ્ર વી. શાહ મુંબઈ
૧૬૪૫ ,, પીન્કી જે. દોશી ન્યુયોર્ક
૧૬૫૬ ,, નવનીતલાલ કેશવલાલ શાહ સુરેન્દ્રનગર
૧૬૪૭ ,, ચંદુલાલ આશારામ પરીખ અમદાવાદ
૧૬૪૮ ,, મનહરલાલ ન્યાલચંદ ઉદાણી રાજકોટ
૧૬૪૯ ,, શાંતીલાલ હુકમચંદ જૈન ખંડવા
૧૬૪૦ ,, કાંતિલાલ કામદાર મદ્રાસ
૧૬૫૧ ,, મદનલાલ પુષ્પેન્દ્રકુમાર ઉદયપુર
૧૬૫૨ ,, ભરતકુમાર બી. શાહ સુરત
૧૬૫૩ ,, કનુભાઈ ડી. શાહ સુરત
૧૬૫૪ ,, વકીલ અનંતસા પદમસા જૈન સનાવદ
૧૬૫૫ ,, સુહાસબેન કે. ચોપડા ખાપર
૧૬૫૬ ,, મુક્તાબેન જવેરચંદ શાહ કેનીયા
૧૬૫૭ ,, અશોકકુમાર જૈન છિંદવાડા
૧૬૫૮ ,, બાલચંદ પૂતની કલકત્તા
૧૬૫૯ ,, પ્રભુદાસ આર. ગંધની સંભાલપુર

આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/– [ક્રમશઃ]

## ❀ આકર્ષક નવા પ્રકાશનો ❀

૧. પરમાગમસાર—પ્રેસમાં

(પૂજ્ય ગુરુદેવશ્રીના પરમાગમો ઉપરના પ્રવચનોમાંથી ચૂંટેલા ૧૦૦૮ વચનામૃતો)

૨. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર કરેલા પ્રવચનો—પ્રેસમાં

૩. 'અધ્યાત્મપરાગ' દ્વિતીય આવૃતિ છપાઈ ગઈ છે.

પ્રકાશક :—શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૦, માણેકવાડી, ભાવનગર

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૦૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364250
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ. [વાર્ષિક લવાજમ રૂ. ૯=૦૦]